અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧૦ | અંક : ૧૫૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જૂનાગઢના કેશોદના ભંડુરિયા ગામ નજીક અકસ્માત

## બે કાર વચ્ચે ટક્કરમાં ૫ વિદ્યાર્થીઓ સહિત ૭ લોકોના કરૂણ મોત થયા

### બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં આગ લાગી : ગંભીર અકસ્માતની ઘટના સીસીટીવીમાં કેદ થઈ

। (એજન્સી) જુનાગઢ, તા.૯ ।


રાજ્યમાં સતત રોજ રોડ અકસ્માતોમાં વધારો થઈ રહ્યો છે. આજે વહેલી સવારે જૂનાગઢના માળિયા હાટીના નજીક આવેલા ભંડુરી પાસે બે કાર વચ્ચે અકસ્માત સર્જાતાં સાત લોકોનાં મોત નિપજ્યાં છે. આ ગંભીર અકસ્માતમાં ૭ મૃતકમાં પાંચ વિદ્યાર્થીનો સમાવેશ છે. જે પરીક્ષા આપવા જતા હતા. બે કારની ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુના ઝૂંપડામાં પણ આગ લાગી હતી. ગંભીર અકસ્માતની આ ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ છે. અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, જૂનાગઢ-વેરાવળ હાઈવે માળિયા હાટીના પાસે આવેલા ભંડુરી ગામ પાસે આજે સવારે આઠા વાગ્યાના અરસામાં બે કાર વચ્ચે વચ્ચે ભયંકર ટક્કર થઇ હતી. જેમાં પરીક્ષા આપવા જતા પાંચ વિદ્યાર્થી સહિત ફલ સાત લોકોનાં મોત થયાં હતા. બે કારની વચ્ચે ટક્કર થતાં એક કારમાં રહેલો ગેસનો બાટલો ફાટતાં બાજુમાં રહેલા ઝૂંપડામાં પણ આગ લાગી હતી.

મૃતકોના નામ

૧. રાજુભાઈ કાનજીભાઈ ખુટણ (ઉંમર વર્ષ ૪૦, ડાભોર-વેરાવળ)
૨. વિનુભાઈ દેવશીભાઈ વાળા (ઉંમર વર્ષ ૩૫, જાનુડા ગામ)
૩. વિક્રમભાઈ કુવાડીયા (ઉંમર વર્ષ ૨૫, માણેકવાડા ગામ)
૪. વજુભાઈ કરસનભાઈ રાઠોડ (ઉંમર ૬૦ જૂનાગઢ)
૫. ધરમ વિજયભાઈ ધરાદેવ (જૂનાગઢ)
૬. અક્ષત સમીરભાઈ દવે (રાજકોટ)
૭. ઓમ રજનીકાંતભાઈ મુગરા (રાજકોટ)







અકસ્માતની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હાઈવે પર વહેલી સવારે બે કારની ટક્કર થતાં આજુબાજુના લોકો એકઠા થયા હતા અને બચાવ કામગીરી સાથે પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસકાફલા સાથે ૧૦૮ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ફાયરની ટીમે ઝૂંપડામાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત કંઇ રીતે થયો એની આગળની તપાસ હાથ ધરી છે. બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ગંભીર આકસ્માતના સામે આવેલા સીસીટીવીમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક કાર બ્રિજ તરફથી જઈ રહી છે. જ્યારે સામેથી આવતી બીજી કાર કોઈ કારણોસર ડિવાયડર કૂદીને બ્રિજ તરફથી જતી કારનો સામેથી ટક્કર મારે છે. ટક્કર એટલી ભયંકર છે કે બંને કારનો કચ્ચરઘાણ વળી ગયો છે. સાતેય મૃતદેહ માળિયા ખાતે પીએમ અર્થે ખસેડાયા છે. આ અંગે DVSP દિનેશ કોડિયાતારએ જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે આઠ વાગ્યાની આસપાસા માળિયાના ભંડુરી ગામ પાસે બે કાર વચ્ચે ટક્કર થઇ હતી. જેમાં સાત લોકોનાં મોત થયાં છે. હાલ સાતેય મૃતદેહો માળિયાની સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે અને અકસ્માત કંઇ રીતે થોય એની આગળની તપાસ ચાલુ છે. આ અંગે સ્થળ પર સૌથી પહેલા પહોંચેલા ભંડરી ગામના વતની દિલીપ સિંહ સિસોદિયાએ જણાવ્યું હતું કે સવારે આઠ વાગ્યાના આસપાસ આ અકસ્માત થયો હતો. હું નજીકની હોટલ પર જ હતો. ત્યારે અચાનક અવાજ આવતાં અમે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં સાત લોકોનાં મોત થયાં છે, જેમાં પાંચ વિદ્યાર્થી છે. જે કેશોદની આજુબાજુના ગામના છે અને ગડુ મુકામે પરીક્ષા આપવા જતા હતા. જ્યારે બે મૃતક જાનુડા ગામના છે. સાતેયને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે.

### ટીએમસી અને સપાએ આપ્યું સમર્થન

## સભાપતિ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવશે કોંગ્રેસ

### સોમવારે રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે હોબાળા દરમિયાન ધનખડના વલણને જોતા કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

સંસદના ચાલુ શિયાળુ સત્રમાં બંને ગૃહમાં રાજકીય તાપમાન ઘણું ઊંચુ રહ્યું હતું. હવે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખડને દૂર કરવા અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહી છે. ચેરમેન જગદીપ ધનખડની સામે વિપક્ષી ગઠબંધન એકજૂટ થઈ ગયું છે. જેમાં સમાજવાદી પાર્ટી તેમજ તૃણમૂલ કોંગ્રેસે પણ અવિશ્વાસ પ્રસ્તાવના પક્ષમાં હોવાનું જણાવવામાં આવી રહ્યાં છે.

થોડા દિવસો પહેલાં ઈન્ડિયા ગઠબંધનથી દૂર રહેતી પાર્ટી ટીએમસી અને સપાના સાંસદોએ પણ અવિશ્વાસ પ્રસ્તાવ પર સહી કરી દીધી છે. મળતી માહિતી મુજબ, વિપક્ષી પાર્ટીઓએ મંગળવારે રાજ્યસભામાં ચેરમેનની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય છે. આ અવિશ્વાસ પ્રસ્તાવ તૈયાર છે અને તેના પર ૭૦ સભ્યોએ સહી પણ કરી દીધી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે, સોમવારે રાજ્યસભામાં જ્યોર્જ સોરોસના મુદ્દે હોબાળા દરમિયાન ચેરમેન જગદીપ ધનખડના વલણને જોતા કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં છે. સોમવારે જૉર્જ સોરોસ સાથે જોડાયેલા મુદ્દા પર જે પ્રકારે રાજ્યસભામાં હોબાળો થયો, તેને લઈને કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પાર્ટીઓના સભ્ય ચેરમેન જગદીપ ધનખડથી નારાજ જણાવવામાં આવી રહ્યા છે.

ગૃહમાં હોબાળા દરમિયાન પણ દિગ્વિજય સિંહથી લઈને રાજીવ શુક્લા સુધી, કોંગ્રેસ સાંસદોએ ચેરમેન પર પક્ષપાતનો આરોપ લગાવતા સવાલ કર્યો કે, કયા નિયમ હેઠળ તેઓએ ચર્ચા ચાલૂ કરી છે. વિપક્ષી સભ્યોએ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો કે, ચેરમેન ભાજપ સભ્યોના નામ લઈ-લઈને તેમને બોલવા માટે કહી રહ્યા છે. નોંધનીય છે કે, રાજ્યસભાના ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવમાં ૫૦ સભ્યોની સહી હોવી જરૂરી છે. ચેરમેન ધનખડની સામે પ્રસ્તાવ પર ૭૦ સભ્યોએ સહી કરી દીધી છે. વિપક્ષની તરફથી ચેરમેનને દૂર કરવા માટે પ્રસ્તાવ લાવવાની ચર્ચા સંસદના ગત ચોમાસું સત્ર દરમિયાન પણ થઈ હતી.

રાજ્યસભાના ચેરમેનને પોતાના પદથી દૂર કરવા માટે ઓછામાં ઓછા ૫૦ સભ્યોની સહી સાથે પ્રસ્તાવ સચિવાલયને મોકલવાનો હોય છે. ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં આપવામાં આવેલી આ નોટિસ બાદ રાજ્યસભામાં હાજર સભ્યોની બહુમતીના આધારે પ્રસ્તાવ પસાર થયા બાદ લોકસભામાં મોકલવાનો હોય છે. રાજ્ય સભાના ચેરમેન દેશના ઉપરાષ્ટ્રપતિ પણ છે, જે બીજું સર્વોચ્ચ બંધારણીય પદ છે. એવામાં તેમને પદથી દૂર કરવા માટે જરૂરી પ્રસ્તાવ લોકસભામાંથી પણ બહુમતીથી પાસ કરવાનો હોય છે. જણાવી દઈએ કે, સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે.

### સ્પીકર પદ માટે કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી

## મહારાષ્ટ્ર વિધાનસભાના નવા સ્પીકર તરીકે રાહુલ નાર્વેકરને પસંદ કરાયા

### રાહુલ નાર્વેકર મહારાષ્ટ્રની કોલાબા વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય છે : આ વિધાનસભા મતવિસ્તાર મુંબઈનો ભાગ છે

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

રાહુલ નાર્વેકરને મહારાષ્ટ્ર વિધાનસભાના નવા સ્પીકર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ આજે સોમવારે બિનહરીફ ચૂંટણીમાં મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર તરીકે ચૂંટાયા છે. તેમના સિવાય સ્પીકર પદ માટે કોઈએ ઉમેદવારી નોંધાવી ન હતી. આવી સ્થિતિમાં તેમની પસંદગી બિનહરીફ થઈ હતી. તેમણે રવિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, બંને નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારની સાથે સ્પીકર પદ માટે નામાંકન દાખલ કર્યું હતું.

આ સમયે ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ હાજર હતા. મહારાષ્ટ્ર BJP અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને ચંદ્રકાંત પાટીલ પણ સ્થળ પર હાજર હતા. મહાવિકાસ આઘાડીના કોઈપણ ધારાસભ્યએ સ્પીકર પદ માટે ઉમેદવારી નોંધાવી ન હતી. સ્પીકર હંમેશા બહુમતી ધરાવતા પક્ષમાંથી ચૂંટાય છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં મહાયુતિ ગઠબંધનને પ્રચંડ બહુમતી મળી છે.

## આરબીઆઈના નવા ગવર્નર પદે સંજય મલ્હોત્રાની નિમણૂક



। નવી દિલ્હી, તા.૯ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નવા ગવર્નર પદે રેવેન્યુ સેક્રેટરી સંજય મલ્હોત્રાની નિમણૂક કરવામાં આવી છે. કેબિનેટની કમિટી દ્વારા મલ્હોત્રાની આરબીઆઈના ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી છે. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪થી તેઓ આગામી ત્રણ વર્ષ માટે કાર્યભાર સંભાળશે. RBIના વર્તમાન ગવર્નર શક્તિકાંત દાસનો કાર્યકાળ આવતીકાલે સમાપ્ત થઈ રહ્યો છે. અગાઉ શક્તિકાંત દાસનો કાર્યકાળ લંબાવવાના અહેવાલો મળ્યા હતા. પરંતુ કેબિનેટની કમિટીમાં સંપૂર્ણ બહુમતિ સાથે સંજય મલ્હોત્રાને આ પદભાર સોંપવા નિર્ણય લેવામાં આવ્યો છે. RBIના નવા ગવર્નર તરીકે, મલ્હોત્રાએ ફુગાવાને નિયંત્રિત કરવા અને સ્થિર આર્થિક વૃદ્ધિ સુનિશ્ચિત કરતાં બેવડા પડકારનો સામનો કરવો પડશે.

### કેન્દ્ર સરકારે સંસદમાં સ્પષ્ટતા કરી

## ૮મા પગાર પંચની રચનાને લઈને કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી

**નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ આ વાત સંસદમાં કહી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્ર સરકારે સંસદમાં સ્પષ્ટતા કરી છે કે ૮મા પગાર પંચની રચના અંગે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, "હાલમાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે ૮મા કેન્દ્રીય પગાર પંચની રચના માટે સરકાર પાસે કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી." આ જવાબ રાજ્યસભાના સાંસદો જાવેદ અલી ખાન અને રામજી લાલ સુમનના પ્રશ્ન પર આપવામાં આવ્યો, જેમણે આગામી બજેટ સત્રમાં ૮મા પગાર પંચની જાહેરાત અંગે પૂછ્યું હતું. સરકારના આ જવાબથી તે કર્મચારીઓ અને પેન્શનરોની આશા પર ફટકો પડ્યો છે જેઓ લાંબા સમયથી પગાર અને પેન્શન વધારાની માંગ કરી રહ્યા હતા.

૭મા પગાર પંચની ભલામણો જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવી હતી અને ત્યારથી નવા પંચની રચના કરવામાં આવી નથી. કર્મચારી સંગઠનોનું કહેવું છે કે ૧૦ વર્ષના અંતરાલમાં પગાર પંચની રચના સામાન્ય પ્રક્રિયા છે. ૭મા પગાર પંચની રચના ફેબ્રુઆરી ૨૦૧૪માં કરવામાં આવી હતી.

### અદાણી ગ્રુપ ૫ વર્ષમાં રાજસ્થાનમાં ૫ વર્ષમાં ૭.૫ લાખ કરોડનું રોકાણ કરશે

। જયપુર, તા.૯ ।

રાજસ્થાનના જયપુરમાં આજથી રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેંટ સમિટનો પ્રારંભ થયો છે. જેમાં અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ કરણ અદાણીએ જણાવ્યું કે અદાણી ગ્રૂપ આગામી પાંચ વર્ષમાં રાજસ્થાનમાં ૭.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવા જઈ રહ્યું છે. અમે રાજસ્થાનમાં ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ બનાવીશું. અદાણી જૂથ રાજસ્થાન માટે પ્રતિબદ્ધ છે.

## ખેડૂતો મંગળવારે દિલ્હી કૂચ નહીં કરે, રણનીતિ ઘડાશે : પંઢેર

### જે રીતે ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને મહિલા પત્રકારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે નિંદનીય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર પર ખેડૂતો પોતાની માંગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવો-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અહીં રવિવારે પણ ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પોલીસનો કાફલો પણ તેમને દિલ્હી જતા અટકાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. આ તમામ ઘટના વચ્ચે ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મોટી જાહેરાત કરી છે.



કિસાન મજદૂર મોરચાના પ્રમુખ સરવણ સિંહ પંઢેરે કહ્યું કે, 'શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતો મંગળવારે દિલ્હી કૂચ નહીં કરે. આવતીકાલે આંદોલન અંગે રણનીતિ ઘડવામાં આવશે. જે રીતે ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે અને મહિલા પત્રકારોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે તે નિંદનીય છે.

અમે આવતીકાલે વધુ ચર્ચા કરીશું.' ખેડૂતોએ શુક્રવારે અને રવિવારે દિલ્હી જવાનો પ્રયાસ કર્યો હતો, જોકે હરિયાણા પોલીસે તેમના બંને પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે અને આગળ જતા અટકાવ્યા છે. બીજીતરફ સુપ્રીમ કોર્ટમાં સોમવારે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં કોર્ટે અરજદારની અરજી નામંજૂર કરી દીધી છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ મનમોહનની બેંચે કહ્યું કે, 'આ મામલો પહેલાથી જ વિચારણા હેઠળ છે. એક જ કેસની અરજી પર વારંવાર વિચારણા ન કરી શકાય. અરજીમાં માંગ કરાઈ છે કે, કેન્દ્ર સરકાર અને સત્તાવાળાઓ દ્વારા પંજાબના જે માર્ગો પર અવરોધ ઉભો કરાયો છે, તેને હટાવવાનો આદેશ આપવામાં આવે. બેંચે અરજદાર ગૌરવ લૂથરાને કહ્યું કે, 'તમે વારંવાર અરજી દાખલ ન કરો. કોર્ટે અરજીને પેન્ડિંગ કેસ સાથે જોડવાનો પણ અરજદારને ઈંકાર કરી દીધો છે.' સરવણ સિંહ પંઢેર આજે ખનૌરી બોર્ડર પર જગજીત ડલ્લેવાલની હાલત જાણવા માટે જવાના છે. ડીઆઈજી મનદીપ સિંહ સિદ્ધુ પણ ખનૌરી જવાના છે. અહીં ડલ્લેવાલના આરોગ્ય અંગે વાતચીત કરવામાં આવશે.

## વડાપ્રધાન મોદીએ બીમા સખી યોજનાની કરાવી શરૂઆત

। (એજન્સી) પાણીપત, તા.૯ ।

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ આજે પાણીપતથી બીમા સખી યોજનાની શરૂઆત કરાવી. આ યોજના દેશભરમાં ૧૮-૭૦ વર્ષની વય જૂથની ૧ લાખ મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં ૧૦ પાસ મહિલાઓને ઈન્ઝ એજન્ટ તરીકે તાલીમ આપવામાં આવશે અને તેમને પ્રથમ વર્ષમાં ૭૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. બીજા વર્ષે ૬,૦૦૦ રૂપિયા અને ત્રીજા વર્ષે ૫,૦૦૦ રૂપિયાનું માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને નાણાકીય સાક્ષરતાને પ્રોત્સાહન આપવાનો છે. સરકારે બીમા સખી યોજના માટે ૧૦૦ કરોડ રૂપિયાનું પ્રારંભિક ભંડોળ આપ્યું છે. આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા લાવવાનો અને તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. બીમા સખી યોજનાનો પ્રાથમિક ઉદ્દેશ્ય ગ્રામીણ મહિલાઓને નોકરીની તકો અને નિશ્ચિત આવક સુનિશ્ચિત કરવાનો છે. આ સાથે, ગ્રામીણ વસ્તી જ્યાં રોજગારના વિકલ્પો મર્યાદિત છે તેઓ વધુ સારું જીવન મેળવી શકશે. મહિલાઓને આર્થિક રીતે સાક્ષર અને મજબૂત બનાવવા માટે બીમા સખી યોજના હેઠળ ત્રણ વર્ષ માટે વિશેષ તાલીમ આપવામાં આવશે.

## દિલ્હી આમ આદમી પાર્ટીના ઉમેદવારની બીજી યાદી જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. આ યાદીમાં કુલ ૨૦ નામ છે. તમામ ૨૦ સીટો પર નવા ચહેરા છે. પાર્ટીએ ૨૧ નવેમ્બરે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી, જેમાં ૧૧ નામ હતા. અત્યાર સુધી આમ આદમી પાર્ટીએ કુલ ૩૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી આવતા વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યોજાઈ શકે છે. ચૂંટણી પંચે હજુ ચૂંટણીની તારીખો જાહેર કરી નથી, પરંતુ આમ આદમી પાર્ટીએ પૂરા જોરશોરથી ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. દિલ્હીમાં છેલ્લા ૧૦ વર્ષથી આમ આદમી પાર્ટી સત્તામાં છે અને કેજરીવાલ જીતની હેટ્રિક ફટકારવા માટે પોતાનું સર્વસ્વ આપી રહ્યા છે. આમ આદમી પાર્ટીની બીજી યાદીમાં સૌથી મહત્વની વાત એ છે કે મનીષ સિસોદિયાની સીટ બદલવામાં આવી છે. અત્યાર સુધી તેઓ પટપરગંજ વિધાનસભાથી ચૂંટણી લડતા હતા અને જીતતા પણ હતા, પરંતુ આ વખતે તેઓ જંગપુરાથી ચૂંટણી લડી રહ્યા છે. પટપરગંજ સીટ પરથી સિસોદિયાની જગ્યાએ યુટ્યુબર અને શિક્ષક અવધ ઓઝાને ટિકિટ આપવામાં આવી છે. અવધ ઓઝા તાજેતરમાં આમ આદમી પાર્ટીનો ભાગ બન્યા છે.




ઉત્તર પ્રદેશના શહેરી વિકાસ મંત્રી એ.કે શર્મા અને વ્યવસાયિક શિક્ષણ અને કૌશલ્ય વર્ધન વિભાગના રાજ્ય મંત્રી કપિલ દેવ અગ્રવાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી.

### ન્યૂઝ બ્રિફ

## PMJAY યોજના હેઠળની રાજ્યની ૫ હોસ્પિટલો સસ્પેન્ડ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

તાજેતરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના અંતર્ગત ગેરરીતિ આચરવામાં આવતી હોવાની ઘટનાનો સામે આવી છે. ત્યારે રાજ્યના આરોગ્ય વિભાગે આ પ્રકારને હોસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. જેના પગલે પાટણ જિલ્લાની હિર ચિલ્ડ્રન હોસ્પિટલ, નિષ્કા ચિલ્ડ્ર્ન હોસ્પિટલ અને નિયોનેટલ કેર, દાહોદ જિલ્લાની સોનલ હોસ્પિટલ, અમદાવાદ જિલ્લાની સેન્ટારા ઓર્થોપેડિક હોસ્પિટલ અને અરવલ્લી જિલ્લાની શ્રી જલારામ ચિલ્ડ્રન હોસ્પિટલમાં વિવિધ ત્રુટીઓ અને ગેરરીતિ જણાઈ આવતા **PMJAY**-મા યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેના અંતર્ગત ગત અઠવાડિયામાં ૨ ડિસેમ્બર થી ૮ ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં ૫ હોસ્પિટલ અને ૨ ડૉક્ટરની ગેરરીતિઓ સામે આવી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય – મા યોજના અંતર્ગતની **SAFU**(સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ) એ તજજ્ઞ તબીબોની ટીમ સાથે રાખીને રાજ્યમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી શંકાસ્પદ હોસ્પિટલ્સની મુલાકાત કરી હતી.

## આણંદમાં૧૫ વર્ષીય કિશોરને કરંટ લાગતા મોત નિપજ્યું

। (એજન્સી) આણંદ, તા.૯ ।

આણંદમાં એક ૧૫ વર્ષીય કિશોરનું વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યું. ધર્મજ ગામનો રહેવાસી કિશોર પતંગની દોરી કાઢવા જતો હતો ત્યારે આ દુર્ઘટના બનવા પામી. વીજ વાયરમાં ફસાયેલ દોરી કાઢવા જતા ૧૫ વર્ષીયને કિશોરને અચાનક કરંટ લાગ્યો. વીજ કરંટ લાગતા આ કિશોર ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. જ્યાં સયાજી હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ૧૫ વર્ષીય કિશોરનું મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાયો. ઉત્તરાયણ પર્વને હજુ ઘણા દિવસો બાકી છે ત્યારે પતંગની દોરી કિશોર માટે કાળ બની. ઘટનાની પ્રાપ્ત વિગત મુજબ વીજ કરંટથી મૃત્યુ પામનાર કિશોર પેટલાદના ધર્મજ ગામનો રહેવાસી છે. આગામી મહિને ઉત્તરાયણનો તહેવાર છે ત્યારે પતંગબાજીના રસિયાઓ અત્યારથી પતંગ ચગાવવાની તૈયારીઓ કરવા લાગ્યા છે.

### બે જૂથ વચ્ચે અથડામણમાં મહિલા ઈજાગ્રસ્ત

# નવસારીમાં નજીવી બાબતે પથ્થરમારાની ઘટના સર્જાઈ

### ૩૦૦ જેટલા લોકોના ટોળા સામે FIR દાખલ કરાઈ

। (એજન્સી) નવસારી, તા.૯ ।

નવસારીના દરગાહ રોડ પર વાહન હટાવવા મુદ્દે વાતનું વતેસર થતા વાતાવરણમાં તંગદિલી સર્જાઈ હતી. બે જૂથ વચ્ચે અથડામણ થતાં પથ્થરમારાની ઘટના સર્જાઈ હતી જેમાં ૧ મહિલા ઘાયલ થઈ હતી. મોટી સંખ્યામાં હિન્દુ યુવકો રામમંદિરમાં એકઠા થયા અને ત્યારબાદ શ્રીરામના નારા સાથે દરગાહ રોડ વિસ્તારમાં પહોંચી ગયા હતા.

આ બનાવમાં પોલીસે મુસ્લિમ યુવક અને મહિલાવિરૂદ્ધ એટ્રોસિટીનો ગુનો નોંધી ગણતરીના કલાકોમાં ધરપકડ કરી હતી. આસપાસના વિસ્તારના **CCTV** ફંફોળવામાં આવી રહ્યા છે . આ ઉપરાંત નારેબાજી કરનાર ૩૦૦ જેટલા લોકોના ટોળા સામે **FIR** નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનાને પગલે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી પેટ્રોલિંગ હાથ ધર્યું છે. મળતી માહિતી અનુસાર નવસારીના દરગાહ રોડ પર આવેલી પેઈન્ટર શેખની ગલીમાં રહેતા મયુરીબેન તેના પતિ વિમલભાઈ પટેલ સાથે તેમના ઘર પાસે ઉભા હતા. તે દરમિયાન આજ મહોલ્લામાં રહેતા શાહનવાઝ ભંડારી તેની બાઈક પર બેસીને નીકળ્યો હતો અને વિમલ પટેલને તેની બાઈક નડતી હોવાથી સાઈટ ઉપર હટાવી લેવાનું કહ્યું હતું. તે દરમિયાન વાદ-વિવાદ થતા શાહનવાઝે તેને ગાળો આપી અને મોબાઈલ ફોન કરીને તેના અન્ય સાગરીતોને બોલાવ્યા હતા. થોડીવારમાં પાંચ સાગરીતો દોડી આવ્યા હતા અને વિમલ પટેલને ગાળો આપી માર મારવાની ધમકી આપી, જાતિ વિષયક અપમાન કરતી ટિપ્પણી કરી હતી. જેના પગલે બંને પક્ષો વચ્ચે તંગદિલી પ્રસરી હતી. આ બાબતે સોશિયલ મીડિયામાં કેટલાક ઉશ્કેરણીજનક વિડીયો વાયરલ થયા હતા. પરિણામે રવિવારે રાત્રે હિન્દુ સંગઠનોના ૨૦૦ જેટલા ટોળા નવસારી ટાઉન પોલીસ મથકે ધસી જઈને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગણી કરી હતી. બીજી તરફ મુસ્લિમ યુવાનોના ટોળા પણ દરગાહ રોડ ઉપર ભેગા થતા પોલીસે તુરંત ચાંપતો બંદોબસ્ત ગોઠવી ટોળાઓને વિખેરી દઈ પેટ્રોલિંગ હાથ થયું હતું. આ પ્રકરણમાં પોલીસે મયુરી વિમલભાઈ પટેલની હરિયાદ આધારે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી શાહનવાઝ ઈકબાલ શેખ (ઉં.વ.૩૭, ટેક્લિનકલ સ્કૂલ ગઠીવાડ, નવસારી અને રશીદા સમદ ઉર્ફે સમદ પેન્ટર શેખ (ઉ.વ.૫૦, સૌ. દરગાહ રોડ, મોટી દરગાહની સામે, પેન્ટર ગલી, તા.જિ.નવસારી)ની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય આરોપીઓને પકડવા માટે ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. ગુનાની ગંભીરતા ધ્યાને લઈ પોલીસે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

### ગુજરાતની ૧૫૭ નગરપાલિકામાં હડતાળની ચીમકી

# તબીબી ભથ્થાં મુદ્દે કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચઢાવી

### પાલિકાના કર્મચારીઓએ પાલિકાની ચૂંટણી વખતે જ વિરોધનો બૂંગિયો ફુંકવાનું એલાન કરતાં સરકાર ભેખડે ભરાઈ છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૯ ।

તબીબી ભથ્થાનો લાભ ન મળતાં નગરપાલિકાના કર્મચારીઓ સરકાર સામે શિંગડા ભરાવવાની તૈયારીઓ કરી રહ્યાં છે. બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થાનો લાભ આપવામાં આવી રહ્યો છે, જ્યારે રાજ્યની નગરપાલિકાના કર્મચારીઓ આ સરકારી લાભથી વંચિત રહ્યાં છે.

ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે કે, 'જો નિર્ણય નહી લેવાય તો, રાજ્યની ૧૫૭ નગર પાલિકા કર્મચારીઓ હડતાળ પાડશે જેથી પાણી, વીજળી અને સફાઈની કામગીરી ખોરવાઈ શકે છે.'એક તરફ, પંચાયત-પાલિકાની ચૂંટણીઓના બ્યૂગલ વાગવાની તૈયારી છે. રાજ્ય ચૂંટણીપંચ ચૂંટણીઓ યોજવા આયોજન કરી રહ્યુ છે. ત્યારે બીજી તરફ, રાજ્યની નગરપાલિકાની કર્મચારીઓ સરકાર સામે મોરચો માંડવા તૈયારીઓ આદરી રહ્યાં છે. કારણ કે, તબીબી ભથ્થુ ચૂકવવામાં સરકારે ભેદભાવની નીતિ અખત્યાર કરી છે. રાજ્યના બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થુ એક હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. જ્યારે નગરપાલિકાના કર્મચારીઓને તબીબી ભથ્થા પેટે ૧૦૦ રૂપિયા અપાય છે.પાલિકાના કર્મચારીઓનું કહેવુ છે કે, 'વર્ષ ૨૦૨૨માં રાજ્ય સરકારે તબીબી ભથ્થુ એક હજાર રૂપિયા ચૂકવવા મોટા ઉપાડે પરિપત્ર જાહેર કર્યો છે. બોર્ડ નિગમના કર્મચારીઓને તો તબીબી ભથ્થાંના વધારાનો લાભ મળી રહ્યો છે. જ્યારે પાલિકાના ૧૭ હજાર કર્મચારીઓને સરકારે જાણે કોણીએ ગોળ ચોટાડ્યો છે. હજુ સુધી આ પરિપત્રનો અમલ કરાયો નથી.પાલિકા કર્મચારી મહામંડળે એવી ચિમકી ઉચ્ચારી છે કે, જો ૩૦મી ડિસેમ્બર સુધી તબીબી ભથ્થાનો વધારો કરવા સરકાર નિર્ણય નહીં લે તો, રાજ્યમાં ૧૫૭ નગર પાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જશે. હડતાળને કારણે પાલિકા વિસ્તારોમાં વીજળી, પાણી ઉપરાંત સાફસફાઈની કામગીરી ખોરવાઈ જશે. શહેરીજનોને મુશ્કેલી વેઠવાનો વારો આવી શકે છે. પાલિકાના કર્મચારીઓએ પાલિકાની ચૂંટણી વખતે જ વિરોધનો બૂંગિયો ફુંકવાનું એલાન કરતાં સરકાર ભેખડે ભરાઈ છે.

### સિમકાર્ડના નામે છેતરપિંડી

## ક્રાઈમબ્રાન્ચે કર્યો કૌભાંડનો પર્દાફાશ, 3 આરોપી ઝડપાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

જો તમે પણ ગમે ત્યાથી સિમકાર્ડ ખરીદતા હોવ તો સાવધાન થઈ જજો. કારણ કે સિમકાર્ડમાં થતી છેતરપિંડીનો ક્રાઈમ બ્રાન્ચે પ્રદાફાશ કર્યો છે. સિમકાર્ડ ખરીદવા આવનાર ગ્રાહકની જાણ બહાર છેતરપિંડી આચરીને બીજુ સિમકાર્ડ એક્ટીવ કરી વિદેશ મોકલાતુ હતુ. પોલીસએ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓએ ૫૫ જેટલા એક્ટીવ સિમકાર્ડ દુબઈ મોકલ્યા હતાં પરંતુ સુપ્રીટેન્ડન્ટ કસ્ટમ અધિકારીને જાણ થતાં જ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. અમદાવાદના શાહીબાગ ખાતે આવેલ ફોરેન પોસ્ટ ઓફિસમાંથી સુપ્રીટેન્ડન્ટ કસ્ટમ અધિકારી દ્વારા સાયબર ક્રાઈમને માહિતી મળી હતી કે એક પાર્સલ વડોદરાથી આવ્યું છે જે દુબઈ મોકલવાનું છે. જેમાં ૫૫ જેટલા શંકાસ્પદ સિમકાર્ડ મળી આવ્યા છે. સાયબર ક્રાઈમએ આ અંગે વધુ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ત્રણ શંકાસ્પદ ઈસમો મળી આવતા પોલીસએ તેની ધરપકડ કરી છે. સાયબર ક્રાઈમ એ રાહુલ શાહ, કાન્તી બલદાણીયા, અને અજય ભાલીયા નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. રાહુલ શાહ એરટેલ કંપનીમાં ડ્રેસ્ટીબ્યુટલનુ કામ કરતા હતા. આરોપીઓ નવા સિમકાર્ડ ખરીદવા માટે આવતા ગ્રાહકોના બે પ્રકારે સિમકાર્ડ કાઢતા હતાં. ડીજીટલ પ્રોસેસથી ગ્રાહકની બાયોમેટ્રીક ફીંગરપ્રીન્ટ અને આધારકાર્ડ નંબર નાંખી સિમકાર્ડ કાઢતા બાદમાં પ્રોસેસ ઓફલાઈન કરીને ગ્રાહકનો ફોટો પાડી ગ્રાહકના આધારકાર્ડનો ફોટો અપલોડ કરીને તેના નામે સિમકાર્ડ એક્ટીવ કરતા હતાં. બાદમાં એક સિમકાર્ડ જે તે ગ્રાહકને આપતાં જ્યારે બીજુ કાર્ડ તે પોતાની પાસે રાખતા હતાં.

### પાંચ દિવસમાં કરી પાંચ રીક્ષાની ચોરી

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાંથી રીક્ષા ચોરી કરતી ગેંગને ઝડપી લેવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।



અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી રીક્ષા ચોરીઓ કરતી ગેંગ ઝડપાય છે. આ ગેંગ દ્વારા છેલ્લા પાંચ દિવસમાં પાંચ રીક્ષાઓની ચોરી કરી હતી. શાહીબાગ પોલીસે રિક્ષા ચોર ગેંગના બે સભ્યોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જોકે રીક્ષા ચોર ગેંગના સભ્યો દ્વારા જે હકીકત પોલીસને જણાવી તે સાંભળી પોલીસ પણ ચોકી ઉઠી હતી. જુઓ કઈ રીતે કરતા હતા રીક્ષા ચોરી અને કોણ છે આ ગેંગના બે સભ્યો.

અમદાવાદના સિવિલ હોસ્પિટલમાં રીક્ષા ચોરીઓ થવાની ઘટનાઓ વધી રહી હતી, જેમાં પણ છેલ્લા પાંચ દિવસમાં પાંચ રીક્ષાઓની ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસને મળતા શાહીબાગ પોલીસ રીક્ષા ચોરને પકડવા અલગ-અલગ ટીમો બનાવી કાર્યવાહી હાથ ધરી હતી. સિવિલ હોસ્પિટલની ૧૨૦૦ બેડ હોસ્પિટલના ગેટ નંબર ૮ પાસેથી ૧ ડિસેમ્બર થી ૫ ડિસેમ્બર સુધી અલગ અલગ ચાર રિક્ષાઓ તેમજ ચમનપુરા બ્રિજ પાસેથી એક રીક્ષા ચોરી થઈ હોવાની ફરિયાદ સામે આવી હતી. ફરિયાદને આધારે પોલીસે અલગ અલગ સીસીટીવી તેમજ અન્ય માહિતીઓના આધારે શાહીબાગ પોલીસની ટીમ દ્વારા રીક્ષા ચોર ગેંગના બે સભ્યોની ધરપકડ કરી છે. આરોપી દિલીપ ઉર્ફે દિલો પટણી તેમજ મિતેશ ઉર્ફે બુચિયો પટણીની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી દિલીપ ઉર્ફે દિલો અગાઉ પણ ચોરીના પાંચ જેટલા ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આ ઉપરાંત શાહીબાગ પોલીસે પાંચ રીક્ષા ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી બંને આરોપીઓ પાસેથી ચોરી કરેલી પાંચ રીક્ષાઓ રિકવર કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓ રીક્ષાની જૂની ચાવી દ્વારા અલગ અલગ રીક્ષાઓમાં ચાવી ભરાવી ચાલુ કરવાનો પ્રયત્ન કરતા હતા અને જે રીક્ષા ચાવીથી ચાલુ થઈ જાય તેને ચોરી કરી અવાવરૂ જગ્યા પર રાખી દેતા હતા. તેમજ સમયાંતરે ચોરી કરેલી રિક્ષાના પાર્ટ્સ અલગ અલગ જગ્યાઓ પર વહેંચી પૈસા મેળવતા હતા. જોકે રીક્ષા ચોરીના પર્ટ્સ વહેંચી કમાયેલા પૈસા મોજશોખમાં વાપરતા હોવાનું પણ સામે આવ્યું છે.

## "પુષ્પા ૨"ના મેકર્સે શેખાવત સમાજ અને ક્ષત્રિયોનું અપમાન કર્યું : કરણી સેના

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અલ્લુ અર્જુનની પુષ્પા-૨ ને દુનિયાભરમાં ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. આ જ કારણ છે કે, ફક્ત ચાર દિવસમાં ફિલ્મે ગ્લોબલી આશરે ૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. આ ફિલ્મમાં અલ્લુ અર્જુનના પુષ્પા પાત્રને તો પસંદ કરવામાં આવી જ રહ્યું છે. સાથે જ ફહદ ફાઝિલના પાત્ર ભંવર સિંહ શેખાવતની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. જો કે, ફહદના આ પાત્રના કારણે હવે કરણી સેનાની તરફથી મેકર્સને ધમકી પણ મળી રહી છે. હકીકતમાં, કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે પોતાના એક્સ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, પુષ્પા ૨ના મેકર્સે શેખાવત સમાજ અને ક્ષત્રિયોનું અપમાન કર્યું છે આ વીડિયોમાં રાજ કહે છે કે, હાલમાં જ 'પુષ્પા ૨' નામની ફિલ્મ આવી છે. આ ફિલ્મમાં એકવાર ફરી ક્ષત્રિય સમાજનું અપમાન કરવામાં આવ્યું છે.

## વિશેષ

### પ્રાકૃતિક ખેતીમાં ઓછો ખર્ચ, ઊંચી આવક, શુદ્ધ ઉત્પાદનો, પર્યાવરણની સંભાળ અને જમીનની ફળદ્રુપતાનું જતન થાય છેઃ : ખેડૂત વિજયભાઈ પટેલ

# પ્રાકૃતિક ખેતીથી સમૃદ્ધિઃ સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામના બે ખેડૂત ભાઈઓની પ્રેરણાદાયક કૃષિ સફર

। (માહિતી) સુરત ।

પ્રકૃતિના સંરક્ષણ અને ખેતીની નવી પદ્ધતિઓનો સમન્વય કરીને ગુજરાત રાજ્ય પ્રાકૃતિક ખેતીમાં આગેવાની લઈ રહ્યું છે. સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના દેલાડવા ગામના બે ખેડૂત ભાઈઓ; શૈલેષભાઈ પટેલ અને વિજયભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી અપનાવીને પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે ૨૮ વીઘા જમીનમાં મલ્ટીલેયર ખેતી કરીને વર્ષના રૂ.૩૫ લાખની આવક મેળવીને સાબિત કર્યું કે પ્રાકૃતિક ખેતી અર્થપ્રદ તેમજ લાભદાયી છે.



શૈલેષભાઈ પટેલ અને વિજયભાઈ પટેલે પાંચ વર્ષ પહેલાં રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. તેમણે આ અંગે જણાવ્યું કે, વર્ષોથી રાસાયણિક ખેતી કરીને જમીનમાં શેરડી ઉગાડતા હતા. રાસાયણિક ખાતર અને જંતુનાશકો વિના પણ ખેતી કરી શકાય છે, તેવી કલ્પના પણ કરી ન હતી. વર્ષ ૨૦૧૭ સુધી ખેતીમાં સામાન્ય નફો અને ટૂંકી આવક મેળવતા હતા, આવી ખેતીને ખોટનો સોદો કહેવાય પણ આ ખેતી સિવાય અમારી પાસે રોજગારનો બીજો વિકલ્પ ન હતો. પરંતુ કહેવાય છે કે સારા લોકોનો સંગાથ અથવા યોગ્ય જ્ઞાન વ્યક્તિની વિચારસરણી મોટું પરિવર્તન લાવી શકે છે. અમારી સાથે પણ આવું જ બન્યું, પલસાણા તાલુકાના અંભેટી ગામના ખેડૂત મિત્ર કમલેશભાઈ પટેલ પ્રાકૃતિક ખેતીની શિબિરમાં મળ્યા તેમણે યોગ્ય માર્ગદર્શન આપી પ્રાકૃતિક ખેતી પર ધ્યાન આપવા કહ્યું. તેમનાથી પ્રેરાઈ ૧ વીઘામાં પ્રયોગાત્મક આ ખેતી શરૂ કરી. આ પ્રયોગ સફળ થતા ૨૮ વીઘા જમીનમાં આ ટેકનિક અપનાવી પ્રાકૃતિક ખેતીના શ્રીગણેશ કર્યા. બંન્ને ખેડૂત ભાઈઓએ મલ્ટીલેયર ખેતીમાં શેરડી, સરગવો, ફૂલેવર, ભીંડા, તુરીયા, ગલગોટાં, રીંગણ વગેરે પાકનો સમાવેશ કર્યો છે.. વિજયભાઈ પટેલના જણાવ્યા મુજબ, મલ્ટી લેયર ખેતીમાં જમીન ખેડવાની જરૂર પડતી નથી અને અલગ-અલગ પાક સાથે અનાજ, કઠોળ, શાકભાજી તથા ફળોની ખેતી કરવામાં આવે છે.

રાસાયણિક ખેતીમાં એક એકર જમીનમાં જ્યાં રૂ. ૨૮,૦૦૦નો ખર્ચ થતો હતો, ત્યાં પ્રાકૃતિક ખેતીમાં માત્ર રૂ. ૨,૦૦૦નો જ ખર્ચ થાય છે. આ ખેતીના ફાયદાઓમાં ઓછો ખર્ચ, ઊંચી આવક, શુદ્ધ ઉત્પાદનો, પર્યાવરણની સંભાળ અને જમીનની ફળદ્રુપતાનું જતન થાય છે. પ્રાકૃતિક ખેતીના ફાયદા વિશે વાત કરતાં શૈલેષભાઈ પટેલ કહે છે કે, આ ખેતીમાં મહેનત વધુ છે, પરંતુ આ મોડલ જમીન માટે લાભદાયી છે. જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા વધે છે, અને લાંબા ગાળે જમીન બંજર થતી નથી. પાકમાં રાસાયણિક અશુદ્ધતાઓના અભાવને કારણે સ્વાસ્થ્યને રક્ષણ મળે છે. તેમણે સરકારી સહાય વિશે કહ્યું કે, ગુજરાત સરકારની વિવિધ યોજનાઓથી પ્રોત્સાહન મેળવીને અમે બંન્ને ખેડૂતભાઈઓએ ખેતી સાધનોમાં સુધારાઓ કર્યા છે. સરકાર દ્વારા મિની ટ્રેક્ટર માટે રૂ.૬૦,૦૦૦ અને મોટા ટ્રેક્ટર માટે રૂ.૧.૬૦ લાખ સબસિડી પ્રાપ્ત થઈ છે. આ સાથે, સરકારના સહકારથી ખેતીને વધુ આધુનિક બનાવી શકયા છીએ. દેલાડવા ગામના પટેલ ભાઈઓએ પ્રાકૃતિક ખેતીમાં મેળવેલ સફળતાથી દક્ષિણ ગુજરાત સહિત તમામ ખેડૂતો માટે પ્રેરણાદાયી દાખલો બેસાડ્યો છે. તેમના પ્રયત્નો દર્શાવે છે કે પરંપરાગત પદ્ધતિઓમાં નવી ટેક્નિક્સનો સમન્વય કરીને ખેતીને પોષણક્ષમ અને ફળદાયી બનાવી શકાય છે. આ કૃષિ મોડલને કારણે હવે સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી વેગવંતી બની છે, અને રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ આ મોડલ અપનાવવા માટે પ્રેરણા મળે છે. ઓછી જમીનમાં વધુ પાકોનું વાવેતર એટલે મલ્ટીલેયર ફાર્મિંગ અને એમાં પણ પ્રાકૃતિક કૃષિનો વિનિયોગ થવાથી ખૂબ ઉત્સાહજનક પરિણામો મળી રહ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# મદદ જોઈતી જ હોય તો અમેરિકાનું એક રાજ્ય બની જાય કેનેડા

## ટ્રમ્પ અમેરિકાના બે પાડોશી દેશોને સુધરી જવાની ચેતવણી આપવાની સાથે ઓફર પણ આપી



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શપથ ગ્રહણ કર્યા પહેલાં જ આકરા વલણોથી સૌ કોઈને હતપ્રભ કરી રહ્યા છે. ટ્રમ્પે અમેરિકાના બે પાડોશી દેશોને સુધરી જવાની ચેતવણી આપવાની સાથે એક ઓફર પણ આપી રહ્યા છે. ગઈકાલે રવિવારે ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, અમેરિકા તેના બે પાડોશી દેશો કેનેડા અને મેક્સિકોને અનુક્રમે ૧૦૦ અબજ ડોલર અને ૩૦૦ અબજ ડોલરની સબસિડી આપી રહ્યું છે. આ બંને દેશોની સ્થિતિને જોતાં તેમણે અમેરિકાનો હિસ્સો બની જવું જોઈએ. વધુમાં ચેતવણી પણ આપી હતી કે, 'જો કેનેડા અને મેક્સિકો તેમના સંબંધિત પ્રદેશોમાંથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના પ્રવાહને અમેરિકામાં પ્રવેશતાં અટકાવવામાં આવશે નહીં, તો તે બંને દેશો પર ભારે ટેરિફ લાદશે.' ટ્રમ્પે ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, 'કેનેડાને દર વર્ષે ૧૦૦ અબજ ડોલરથી વધુની સબસિડી આપીએ છીએ. અમે મેક્સિકોને



અંદાજે ૩૦૦ અબજ ડોલર જેટલી સબસિડી આપી રહ્યા છીએ. જો આમ જ ચાલતું રહેવાનું હોય તો આ બંને દેશોએ અમેરિકાનો હિસ્સો બની જવુ જોઈએ. શા માટે આપણે આ દેશોને સબસિડી આપીએ છીએ? જો આપણે જ આ દેશોને આર્થિક સહાય કરી રહ્યા છીએ, તો તેઓએ અમેરિકાનું એક રાજ્ય બની જવુ જોઈએ.' અમેરિકામાં પાંચ નવેમ્બરે રાષ્ટ્રપતિ ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પનો આ પ્રથમ ઈન્ટરવ્યૂ હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'અમે વિશ્વના અનેક દેશઓને સબસિડી આપી રહ્યા છીએ. હું બસ એટલું જ કહેવા માગું છું કે, તમામને સમાન, તીવ્ર, અને નિષ્પક્ષ તકો મળે. ટેરિફથી અમેરિકાને કોઈ નુકસાન નહીં થાય. આપણી અર્થવ્યવસ્થા મજબૂત છે. હું યુદ્ધનો જવાબ ટેરિફ મારફત આપવા માગું છું. તમે લડવા માગો છો, તો લડો પણ અમેરિકાને ૧૦૦ ટકા ડ્યૂટી ચૂકવો. જો તમે યોગ્ય રીતે ડ્યુટીનો ઉપયોગ કર્યો તો તે હિતકારી છે.' કેનેડાના વડાપ્રધાન ટ્રૂડોએ હાલમાં જ અમેરિકાના નવા રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પને મળ્યા હતાં. આ મુલાકાત અંગે ટ્રમ્પે કહ્યું કે, 'જો તમે તમારી સરહદ પરથી અમારા દેશમાં લાખો લોકોની ગેરકાયદે ઘૂસણખોરી ન અટકાવી તો અમે તમારી ઉપર ૨૫ ટકા ટેરિફ લાદીશું. મેક્સિકોના રાષ્ટ્રપતિને પણ આ જ ચેતવણી આપી છે.'

## ન્યૂઝ બ્રિફ

### કેદારનાથ અને બદ્રીનાથમાં ભારે બરફ વર્ષા થઈ રહી છે

। (એજન્સી) શિમલા, તા. ૯ ।

કેદારનાથ-બદ્રીનાથમાં બરફવર્ષા થઈ છે. શિમલાથી લઈ ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના અનેક શહેરોમમાં સીઝનની પ્રથમ બરફવર્ષા થઈ છે. પહાડી વિસ્તારોમાં સફેદ ચાદર છવાઈ ગઈ છે. સડકથી લઈ વૃક્ષો, ઘર-મકાન તમામ જગ્યા બરફથી ઢંકાઈ ગઈ હોવાના કારણે મનમોહક દ્રશ્ય લાગી રહ્યું છે. કેદારનાથમાં બરફવર્ષાની પ્રથમ તસવીર સામે આવી છે. જેમાં કેદારનાથ મંદિર પૂરી રીતે બરફની ચાદરથી ઢંકાઈ ગયું છે. પહાડ પર બરફવર્ષાની અસર આગામી દિવસોમાં મેદાની વિસ્તારમાં જોવા મળશે. ઠંડી વધવાની સાથે પારો વધુ ગગડવાની સંભાવના છે. ચમોલી, ઔલી, જોશીમઠ, બદ્રીનાથ સહિત તમામ ઊંચાઈવાળા વિસ્તારોમાં સીઝનની પ્રથમ બરફ વર્ષા થતાં પ્રવાસીઓ ખુશ થઈ ગયા છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં બે થી ચાર ઈંચ સુધી બરફવર્ષા થઈ છે.

### કેન્દ્રીય મંત્રી પાસે ૫૦ લાખની ખંડણી માંગનારા શખ્સની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્રીય મંત્રી સંજય સેઠને ૫૦ લાખ રૂપિયાનો ખંડણીનો મેસેજ મોકલનાર વ્યક્તિની પોલીસે ધરપકડ કરી છે. આ કેસમાં એક આશ્ચર્યજનક બાબત બહાર આવી છે. હકીકતમાં, આરોપીએ તેની પુત્રીના મિત્રને ફસાવવા માટે કેન્દ્રીય મંત્રીને પૈસાની માંગ કરતો મેસેજ મોકલ્યો હતો. પોલીસે આરોપી મિનાજુલ અંસારીની રાંચી નજીકથી ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, ૬ ડિસેમ્બરની સાંજે કેન્દ્રીય સંરક્ષણ રાજ્ય મંત્રી સંજય સેઠને ધમકીભર્યો મેસેજ મળ્યો હતો. ૫૦ લાખની ખંડણી માંગી હતી. ઘટના પ્રકાશમાં આવ્યા બાદ DCPએ તેમની સાથે મુલાકાત કરી હતી. તપાસ દરમિયાન મેસેજ મોકલનાર નંબર રાંચીનો કાંકેનો હોવાનું જાણવા મળ્યું હતું. પોતે રક્ષા રાજ્ય મંત્રીએ કહ્યું હતું કે, તેમણે આ મામલે ઝારખંડના DCP અનુરાગ ગુપ્તાને પણ ફરિયાદ કરી છે. સંજય શેઠે કહ્યું કે, પોલીસ સંપૂર્ણ સહકાર આપી રહી છે.

### ટ્રેન ટિકિટ બુકિંગ, કેન્સલેશન અને તત્કાળ સેવા બધુ બંધ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

જો તમે ટ્રેનમાં મુસાફરી કરવા માટે ટિકિટ બુક કરાવી રહ્યા છો તો તમારા માટે મોટા સમાચાર છે. વાત જાણે એમ છે કે IRCTC ની વેબસાઈટ આગામી એક કલાક માટે ઠપ થઈ ગઈ છે. જેના કારણે ટિકિટ બુક થઈ શકતી નથી. ટિકિટ બુકિંગમાં સમસ્યાના પગલે મુસાફરોએ ખુબ પરેશાનીઓનો સામનો કરવો પડી રહ્યો છે. IRCTC ની સર્વિસ ડાઉન થવાથી તત્કાળ ટિકિટ બનાવનારાઓને પણ સમસ્યાઓ આવી રહી છે. તત્કાળ બુકિંગ વિંડો ખુલતાની સાથે જ આઈઆરસીટીસીનું સર્વર ડાઉન થઈ ગયું. આ બધા વચ્ચે IRCTC એ એક નિવેદન બહાર પાડીને કારણ જણાવ્યું છે. IRCTCની વેબસાઈટ અચાનક ઠપ થઈ જવાથી હડકંપ મચી ગયો અને ટ્રેન મુસાફરો સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા.

## પુતિને રાજકીય આશ્રય આપ્યો

# રાષ્ટ્રપતિ અસદ સીરિયાથી ભાગીને રશિયા પહોંચ્યા

। (એજન્સી) મોસ્કો, તા.૯ ।

સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને રશિયા ભાગી ગયા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અસદ અને તેમના પરિવારને રાજકીય આશ્રય આપ્યો છે. અગાઉ એવી અટકળો હતી કે અસદના પ્લેનનો રડાર સંપર્ક તૂટી ગયો હતો અને પ્લેન ક્રેશ થવાની સંભાવના હતી, પરંતુ હવે એ વાતની પુષ્ટિ થઈ છે કે બશર અલ-અસદ રશિયા પહોંચી ગયા છે.બીજી બાજુ, સેનાએ પુષ્ટિ કરી કે અસદ દેશ છોડીને ભાગી ગયા છે અને કહ્યું છે કે રાષ્ટ્રપતિની સત્તા સમાપ્ત થઈ ગઈ છે.સીરિયામાં છેલ્લા ૧૧ દિવસથી વિદ્રોહી જૂથો અને સેના વચ્ચે નિયંત્રણ માટે લડાઈ ચાલી



રહી હતી અને વિદ્રોહી લડવૈયાઓએ રવિવારે રાજધાની દમાસ્કસ પર પણ કબજો જમાવી લીધો હતો અને તેઓ શેરીઓમાં ગોળીબાર કરીને વિજયની ઉજવણી કરી રહ્યા હતા.ફ્લાઈટ ટ્રેકર પરથી માહિતી મળી છે કે અસદનું પ્લેન સીરિયાના લતાકિયાથી ટેકઓફ કર્યા બાદ મોસ્કો પહોંચી ગયું છે. ફ્લાઈટરાડર વેબસાઈટના ડેટા અનુસાર, રવિવારે (૮ ડિસેમ્બર) રશિયન લશ્કરી વિમાને લતાકિયાથી ઉડાન ભરી અને મોસ્કો પહોંચ્યું. સીરિયામાં બળવો ૨૦૧૧ માં શરૂ થયો, જ્યારે અસદ સરકારે લોકશાહી તરફી વિરોધને નિર્દયતાથી કચડી નાખ્યો. આ સંઘર્ષ ધીમે ધીમે ગૃહયુદ્ધમાં ફેરવાઈ ગયો, જેમાં અસદ સરકાર સામે ઘણા બળવાખોર જૂથો ઉભા થયા. આખરે, આ ૧૩ વર્ષના સંઘર્ષે અસદ શાસનને નીચે લાવ્યું. દમાસ્કસ પર કબજો કરીને, બળવાખોર જૂથોએ માત્ર અસદ સરકારની હકાલપટ્ટી કરી નહીં પરંતુ સીરિયન લોકોને નવી શરૂઆતની તક પણ આપી. સીરિયા માટે યુએનના વિશેષ દૂત ગિયર પેડરસેને કહ્યું, ''હવે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે સીરિયામાં એક વ્યાપક રાજકીય પ્રક્રિયા શરૂ થાય.'' તેમણે એમ પણ કહ્યું કે સીરિયાએ તેની સાર્વભૌમત્વ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવી જોઈએ. જોકે આ ઘટના અસદ શાસનનો અંત દર્શાવે છે, પરંતુ સીરિયા માટેના પડકારો અહીં સમાપ્ત થતા નથી. દેશને રાજકીય સ્થિરતા જાળવવાની, યુદ્ધથી તબાહ થયેલી અર્થવ્યવસ્થાને પુનર્જીવિત કરવાની અને વિસ્થાપિત નાગરિકોને પરત લાવવાની મોટી જવાબદારીનો સામનો કરવો પડે છે. વધુમાં, બળવાખોર જૂથો વચ્ચે સત્તાની વહેંચણી અને ઉગ્રવાદી સંગઠનોના પ્રભાવને કાબૂમાં લેવા પણ મુખ્ય પડકારો છે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પરથી ગુજરાતમાં ઠલવાઈ રહ્યો છે દારૂ

। (એજન્સી) અલવર, તા.૯ ।

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર પોલીસે ગેરકાયદેસર દારૂ લઈ જતી એક ટ્રક પકડી હતી. આ કાર્યવાહી અલવર પોલીસે કરી હતી. પોલીસે જ્યારે ટ્રકને રોકવાનો ઈશારો કર્યો ત્યારે ડ્રાઈવરે થોભવાના બદલે ટ્રક દોડાવી મૂક્યો હતો. જે બાદ પોલીસે પીછો કરીને ટ્રક અટકાવી તલાશી લેતાં તેમાંથી દારૂનો જથ્થો ઝડપાયો હતો. આ દારૂ ચંદીગઢથી ગુજરાત મોકલવામાં આવી રહ્યો હતો. આ ટ્રક પહેલા રાજસ્થાન અને પછી ગુજરાત જવાનો હતો. આ માહિતી મળ્યા બાદ એક્સાઈઝ પોલીસે માફિયાની યોજનાઓને નિષ્ફળ બનાવી હતી અને ૩૨ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો હતો. લીકર માફિયાઓ ઘણીવાર પડોશી રાજ્યમાં દારૂ પૂરો પાડવા માટે વિવિધ માર્ગોનો ઉપયોગ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રકમાં દારૂની ૪૩૨ પેટી હતી, જેને ડ્રાઈવરને સીધા ગુજરાત નહીં પરંતુ માત્ર ઈન્દોર લઈ જવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણે ટ્રકને ઈન્દોરમાં અન્ય ડ્રાઈવરને સોંપી દીધી હતી. આ પછી ગુજરાતને દારૂ પહોંચાડવાનો હતો. જ્યારે ટ્રક એક્સપ્રેસ વે પરથી પસાર થઈ ત્યારે કોલ્ડ મોડ પર પોલીસે તેને રોકવાનું કહ્યું હતું.

## ED કરી રહી છે કાર્યવાહી

# પોન્ઝી કૌભાંડના ભોગ બનેલા ૩૨ લાખ પીડિતો માટે મહત્વના સમાચાર

## એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પોન્ઝી કૌભાંડનો ભોગ બનેલા લાખો રોકાણકારોને પૈસા પરત કરવાની તૈયારી કરી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પોન્ઝી કૌભાંડનો ભોગ બનેલા લાખો રોકાણકારોને પૈસા પરત કરવાની તૈયારી કરી રહ્યું છે. અહેવાલ છે કે તેની શરૂઆત પણ કરી દેવામાં આવી છે, જેના કારણે ૬ હજાર કરોડ રૂપિયાથી વધુની અટેચ્ડ એસેટ્સ વેચવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટ અને આંધ્રપ્રદેશ હાઈકોર્ટે પણ ગરીબ રોકાણકારોને 'ગુનાની રકમ' પરત કરવાની તરફેણ કરી હતી. ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી




પ્રચાર દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે તેઓ કાયદામાં ફેરફારની શક્યતાઓ શોધી રહ્યા છે, જેથી છેતરપિંડીનો ભોગ બનેલા રોકાણકારો અટેચ કરેલી સંપત્તિનો ઉપયોગ કરીને તેમના પૈસા પાછા મેળવી શકે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, એગ્રી ગોલ્ડ પોન્ઝી કૌભાંડના ૩૨ લાખ પીડિતોને પૈસા પરત કરવા માટે રૂ.૬,૦૦૦ કરોડથી વધુની અટેચ કરેલી સંપત્તિ વેચવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે જ ઈઢ એગ્રી ગોલ્ડ કંપની અને તેના પ્રમોટરો વિરુદ્ધ હૈદરાબાદની PMLA કોર્ટમાં ગઈ હતી. એજન્સીએ આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને ઓડિશામાં અટેચ કરેલી મિલકતોના નિકાલની માંગ કરી હતી. રિપોર્ટ અનુસાર એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'ઈડી દ્વારા જે પ્રોપર્ટીના સંદર્ભમાં અરજી કરવામાં આવી છે.

## કિમ યોંગે રાષ્ટ્રપતિ સમક્ષ માર્શલ લો લાદવાની ભલામણ કરી હોવાનો આરોપ

# દક્ષિણ કોરિયામાં માર્શલ લોની ઘટનાને પગલે પૂર્વ સંરક્ષણ મંત્રીની ધરપકડ

## અહેવાલમાં જાણવા મળ્યું છે કે પોલીસે રવિવારે કિમની ભૂતપૂર્વ ઓફિસ અને ઘરમાં તપાસ હાથ ધરી હતી

। (એજન્સી) સિઓલ, તા.૯ ।

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યુન સૂક યેઓલે ગયા અઠવાડિયે માર્શલ લૉ જાહેર કર્યા બાદ કથિત રાજદ્રોહની તપાસ વચ્ચે રવિવારે ભૂતપૂર્વ સંરક્ષણમંત્રી કિમ યોંગ-હ્યુનની ધરપકડ કરી લેવામાં આવી છે. આમ, આ કેસમાં ધરપકડ થનાર તેઓ પ્રથમ વ્યક્તિ બન્યા છે. રાજકીય ઉથલપાથલની તપાસ કરી રહેલા વિશેષ તપાસ કાર્યાલયે જણાવ્યું હતું કે કિમ સ્વેચ્છાએ તપાસ ટીમ સમક્ષ હાજર થયા હતા, જ્યાં તેમનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો



હતો અને તેમની અટકાયત કરવામાં આવી હતી. અહેવાલમાં જાણવા મળ્યું છે કે પોલીસે રવિવારે કિમની ભૂતપૂર્વ ઓફિસ અને ઘરમાં તપાસ હાથ ધરી હતી. એવું માનવામાં આવે છે કે કિમના આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અને ભૂતપૂર્વ સંરક્ષણ વડા દ્વારા પુરાવાનો નાશ કરવાની સંભાવનાને ધ્યાનમાં લેતાં તેમની ધરપકડ કરાઈ છે.જણાવી દઈએ કે કિમ રાત્રે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન હેડક્વાર્ટરમાં પૂછપરછ માટે હાજર થયાના લગભગ છ કલાક પછી તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ તપાસમાં સંપૂર્ણ સહયોગ આપશે. ઉલ્લેખનીય છે કે કિમે રાષ્ટ્રપતિ યુન સુક યેઓલને માર્શલ લૉ લાદવાની ભલામણ કરી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિએ વિપક્ષ -સાથે વધતી જતી રાજકીય મડાગાંઠ વચ્ચે મંગળવારે મોડી રાત્રે માર્શલ લૉની જાહેરાત કરી હતી.

## ISISના ૭૫ ઠેકાણાને બનાવ્યા ટાર્ગેટ

# અમેરિકાએ સીરિયા ઉપર બોમ્બ વરસાવવાના શરૂ કરી દીધુ છે

## તખ્તાપલટે સિરીયાના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીને ઠેબા ખાતા કરી નાખ્યા એવું નથી પરંતુ અનેક દેશોનું ટેન્શન વધ્યું છે

। (એજન્સી) સીરિયા, તા.૯ ।

સીરિયામાં રવિવારે થયેલા તખ્તાપલટે માત્ર સિરીયાના રાષ્ટ્રપતિ -પ્રધાનમંત્રીને ઠેબા ખાતા કરી નાખ્યા એવું નથી પરંતુ અનેક દેશોનું ટેન્શન પણ વધારી દીધું છે. સિરીયાના રાજધાની સહિત તમામ પ્રમુખ શહેરો અને અનેક ભાગોમાં જેહાદી બળવાખોરો તોપો પર ફરી રહ્યા છે. ફાયરિંગ ચાલુ છે. વિદ્રોહીઓ જીત અને આઝાદીનો જશ્ન મનાવી રહ્યા છે. ત્યાંના વાતાવરણમાં દારૂગોળો ગંધાય છે અને હવે તેમાં અમેરિકાનો પણ હાથ છે. વાત જાણે એમ છે કે રાષ્ટ્રપતિની સત્તાનો અંત આતા જ અમેરિકાએ સીરિયા પર બોમ્બ છોડવાનું શરૂ કરી દીધુ છે. અમેરિકાએ



રવિવારે સીરિયાની અંદર આઈએસઆઈએસના અનેક ઠેકાણાઓને નિશાન બનાવ્યા. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે મધ્ય સીરીયામાં હને બી -૫૨, એફ-૧૫, અને એ-૧૦ સહિત અમેરિકી વાયુસેનાના વિમાનોનો ઉપયોગ કરીને ૭૫થી વધુ ઠેકાણાઓ પર હુમલા કરાયા છે. એટલું જ નહીં ઈસ્લામિક સ્ટેટના આતંકીઓ સામે લડવા માટે અમેરિકાએ દક્ષિણ-પૂર્વ સીરિયામાં લગભગ ૯૦૦ સૈનિકોની ટુકડી તૈનાત કરી છે. આ સાથે એ પણ સ્પષ્ટ કર્યુ છે કે તેઓ સીરિયમાં પોતાના હાજરી હટાવશે નહીં.

## ઓળખ કરી કરો કાર્યવાહી : ગિરીરાજસિંઘ

# ઝોમેટો, સ્વિગી, ફ્લિપકાર્ડની ડિલિવરી બોયના રૂપે કામ કરી રહ્યા છે બાંગ્લાદેશી રોહિંગ્યા

## ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર કામ કરનારા મોટાભાગના ડિલિવર એજન્ટ બાંગ્લાદેશી રોહિંગ્યા હોય છે : કેન્દ્રીય મંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

કેન્દ્રીય મંત્રી ગિરીરાજસિંઘે શનિવારે દાવો કર્યો છે કે બાંગ્લાદેશી નાગરિક અને રોહિંગ્યા ઝોમેટો, સ્વિગી, ફ્લિપ કાર્ટ જેવી ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ પર ડિલિવરી એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમની ઓળખ કરી તેની સામે કાર્યવાહી કરવી જોઈએ. હૈદરાબાદ ખાતે આયોજિત દિક્ષાંત સમારોહમાં કેન્દ્રીય મંત્રીએ આ ટિપ્પણી કરી હતી. ગિરીરાજસિંઘે જણાવ્યુ કે સેવા ક્ષેત્રો, ઝોમેટો હોય સ્વિગી હોય કે ફ્લિપકાર્ટ, ડિલિવરી કરનારા છોકરા બાંગ્લાદેશી અને રોહિંગ્યા છે. તેમની ઓળખ કરી તેમને પોલીસને સોંપવા જોઈએ. ગિરીરાજસિંઘે યોગી આદિત્યનાથની સંભલ અને બાંગ્લાદેશ વચ્ચે તુલના કરનારી



ટિપ્પણીઓનું પણ સમર્થન કર્યુ અને જણાવ્યુ કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ કંઈપણ ખોટુ નથી કહ્યુ. આદિત્યનાથે ગુરુવારે જણાવ્યુ હતુ કે ૫૦૦ વર્ષ પહેલા અયોધ્યા અને સંભલમાં મોગલ સમ્રાટ બાબરના કમાંડરની હરકતો અને વર્તમાનમાં બાંગ્લાદેશમાં થઈ રહેલી ઘટનાઓ એક જ પ્રવૃતિ છે અને બદઈરાદા સાથે થઈ રહી છે. તેમણે કહ્યુ આપણા પડોશી દેશોમાં દુશ્મનો ક્યા પ્રકારની હરકતો કરી રહ્યા છે. તેને જુઓ. જો કોઈને હજુ પણ ભ્રમ હોય તો યાદ રાખો. ૫૦૦ વર્ષ પહેલા બાબર એક સેનાપતિએ અયોધ્યામાં કેટલાક કામ કર્યા હતા. સંભલમાં પણ કેટલાક એવા જ કામ કર્યા હતા અને આજે બાંગ્લાદેશમાં જે થઈ રહ્યુ છે, તે ત્રણેયની પ્રકૃતિ અને DNA એક જ છે. આદિત્યનાથની ટિપ્પણી પર સવાલનો જવાબ આપતા ગિરીરાજસિંઘે જણાવ્યુ કે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાતુલ મુસ્લિમીન (AIMIM) ના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી પર કટાક્ષ કર્યો. તેમણે કહ્યુ ભારતના પાકિસ્તાનના રૂપે ભાગલા થયા અને પાકિસ્તાનમાં હિંદુઓ ખતમ થઈ ગયા. આજે બાંગ્લાદેશમાં પણ એ જ થઈ રહ્યુ છે. જિન્હાનું DNA પાકિસ્તાનમાં હતુ અને જિન્હાનું DNA બાંગ્લાદેશમાં છે. જિન્હાનું DNA સંભલમાં પણ છે.

## ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ આવે તેવી સંભાવના

# મહાકુંભની તડામાર તૈયારી, સાધુ-સંતોનો થશે જમાવડો

## યુપી સરકાર દ્વારા ખાસ તૈયારી કરવામાં આવી રહી છે

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૯ ।

પવિત્ર મહાકુંભ આપણી સંસ્કૃતિની મોટી ધરોહર છે અને ૨૦૨૫માં ૧૩ જાન્યુઆરીથી તે શરૂ થઈ રહ્યો છે. એવામાં મહાકુંભની તૈયારીઓ તડામાર રીતે કરવામાં આવી રહી છે. આ વખતે મહાકુંભમાં ૪૫ કરોડ લોકો આવવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. તેના પગલે તૈયારીઓની સાથે સાથે સુવિધા પણ વિશેષ છે. મહાકુંભના મેળા માટે ઉત્તર પ્રદેશમાં તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેમાં આ વખતે તરતા ઘાટ બનાવવામાં આવ્યા છે. જેટીમાં નહાવા-કપડાં બદલવાની ખાસ સુવિધા હશે. તો શ્રદ્ધાળુઓ માટે અહીંયા ૧૦૦ બેડની હોસ્પિટલ પણ તૈયાર કરવામાં આવી છે. ૧૨ વર્ષ પછી થનારા મહાકુંભના મેળાની તમામ તૈયારીઓ પર યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતે ખાસ નજર



રાખી રહ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી મહાકુંભમાં સ્નાનના ૪ મોટા દિવસ છે. ૪ દિવસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દેશભરમાંથી આવશે. અયોધ્યાથી લઈને પ્રયાગરાજ સુધી એક રિંગ રેલની પણ વ્યવસ્થા છે. તેના માટે લગભગ ૪ રિંગ રેલની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રયાગરાજમાં કુંભ મેળા વખતે ૧૩,૦૦૦ સર્વિસ ચલાવવામાં આવશે. ૧૦૦૦ બેડવાળા હોસ્પિટલ પણ બનાવવામાં આવ્યા છે. આર્મીની ટીમે પણ ૨ હોસ્પિટલ તૈયાર કર્યા છે. યોગી આદિત્યનાથ સરકારે આદેશ કર્યો છે કે મહાકુંભના વિસ્તારમાં માંસ-મદીરા પાનની તમામ દુકાનોના શટર ડાઉન થઈ જશે.

## તંત્રી લેખ...

# બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર જે હુમલા થઈ રહ્યા છે તે યોગ્ય નથી

ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ બાંગ્લાદેશના હિન્દુઓ પર જે અત્યાચાર થઈ રહ્યો છે તેને લઈ બાંગ્લાદેશ સાથે કડક વલણ અપનાવ્યું છે. બાંગ્લાદેશમાં તેમણે હિન્દુઓ અને અલ્પસંખ્યકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું, ''આ હુમલાઓ સહન નહીં થાય. તેમની સુરક્ષા તમારે કરવી જોઈએ.'' વિદેશ સચિવે બાંગ્લાદેશના વિદેશ સલાહકારને કહ્યું કે, ''ભારત સકારાત્મક, રચનાત્મક અને હિતપૂર્ણ સંબંધ ઈચ્છે છે. જેથી બાંગ્લાદેશે પણ તેવી જ પ્રતિક્રિયા આપવી જોઈએ.'' બાંગ્લાદેશના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈન સાથે વાતચીત કર્યા બાદ વિદેશ સચિવે કહ્યું કે, ''અમે હાલના ઘટનાક્રમ પર પણ ચર્ચા કરી અને મેં અલ્પ સંખ્યકોની સુરક્ષાને લઈને તેમને અવગત કર્યા.'' સાથે જ તેમણે કહ્યું કે, ''અમે સાંસ્કૃતિક અને ધાર્મિક સંપત્તિઓ પર જે હુમલો થયો તેને લઈને પણ વાત કરી હતી.'' અગાઉ પણ વિદેશ સચિવે બાંગ્લાદેશના વિદેશ સલાહકાર સાથે હાઈલેવલ મીટિંગ કરી હતી. વિદેશ સચિવે કહ્યું કે, ''મેં આજે બાંગ્લાદેશની સરકારને ભારતની ઈચ્છા જણાવી દીધી છે. તેમની સાથે મળીને કામ કરવાની ઈચ્છા છે.'' શેખ હસીનાની સરકાર ઉથલી ગયા બાદ પહેલી વાર ભારતનું કોઈ ડેલિગેશન બાંગ્લાદેશ ગયું છે. આ મુલાકાત એટલા માટે મહત્વની છે કારણ કે ભારત અને બાંગ્લાદેશના સંબંધો સતત ખરાબ થઈ રહ્યા છે અને ત્યાં હિન્દુઓ પર હુમલાની ઘટનાઓ પણ વધી રહી છે. અગાઉ સપ્ટેમ્બરમાં વિદેશમંત્રી અને બાંગ્લાદેશના વિદેશ મામલાઓના સલાહકાર મોહમ્મદ તૌહીન હુસૈન વચ્ચે ન્યૂયોર્કમાં મુલાકાત થઈ હતી. તે સમયે જયશંકર સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભાગ લેવા પહોંચ્યા હતા. એવી પણ માહિતી સામે આવી હતી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના પ્રમુખ વચ્ચે મુલાકાત થઈ શકે છે. જોકે આ મુલાકાત ન થઈ અને ત્યારબાદ બાંગ્લાદેશના નેતાઓ તરફથી સતત ભારત વિરોધી નિવેદનો આપવામાં આવી રહ્યા હતા.

## અમદાવાદમાં રામકૃષ્ણ મઠ દ્વારા આયોજિત કાર્યક્રમને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

પરમ આદરણીય શ્રીમત સ્વામી ગૌતમંદજી મહારાજ, રામકૃષ્ણ મઠ અને મિશનના દેશ-વિદેશના આદરણીય સંતો, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, આ કાર્યક્રમ સાથે સંકળાયેલા અન્ય તમામ મહાનુભાવો, બહેનો અને સજ્જનો, નમસ્કાર!

ગુજરાતનો પુત્ર હોવાના નાતે હું આ કાર્યક્રમમાં આપ સૌનું સ્વાગત કરું છું અને અભિનંદન આપું છું. હું મા શારદા, ગુરુદેવ રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદને તેમના પવિત્ર ચરણોમાં વંદન કરું છું. શ્રીમત્ સ્વામી પ્રેમાનંદ મહારાજજીની જન્મજયંતી નિમિત્તે આજનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. હું પણ તેમના ચરણોમાં પ્રણામ કરું છું.

મહાન વ્યક્તિત્વોની ઉર્જા ઘણી સદીઓથી વિશ્વમાં સકારાત્મક સર્જનનો વિસ્તરણ કરતી રહે છે. તેથી જ આજે સ્વામી પ્રેમાનંદ મહારાજની જન્મજયંતી પર આપણે આવા પવિત્ર કાર્યના સાક્ષી છીએ. લેખંબામાં નવનિર્મિત પ્રાર્થના હોલ અને સાધુ નિવાસ ભારતની સંત પરંપરાને પોષશે. અહીંથી સેવા અને શિક્ષણની યાત્રા શરૂ થઈ રહી છે, જેનો લાભ આવનારી ઘણી પેઢીઓને થશે. શ્રી રામકૃષ્ણ દેવનું મંદિર, ગરીબ વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર, હોસ્પિટલ અને પ્રવાસીઓનું નિવાસસ્થાન, આ કાર્યો આધ્યાત્મિકતા ફેલાવવા અને માનવતાની સેવાનું માધ્યમ બનશે. અને એક રીતે, મને ગુજરાતમાં બીજું ઘર મળ્યું છે. કોઈપણ રીતે, હું સંતો વચ્ચેના આધ્યાત્મિક વાતાવરણમાં ખૂબ આનંદ અનુભવું છું. આ અવસર પર હું તમને બધાને અભિનંદન આપું છું અને મારી શુભેચ્છાઓ પાઠવું છું.

સાણંદના આ વિસ્તાર સાથે ઘણી યાદો જોડાયેલી છે. મારા ઘણા જૂના મિત્રો અને આધ્યાત્મિક ભાઈઓ પણ આ કાર્યક્રમમાં છે. મેં મારા જીવનનો ઘણો સમય તમારામાંથી ઘણા લોકો સાથે અહીં વિતાવ્યો છે, ઘણા બધા ઘરોમાં રહ્યો છું, ઘણા પરિવારો માં માતાઓ અને બહેનો દ્વારા રાંધેલું ભોજન ખાધું છે, તેમના સુખ-દુ:ખમાં સહભાગી બન્યો છું. મારા એ મિત્રોને ખબર હશે કે આપણે આ વિસ્તાર અને અહીંના લોકોમાં કેટલો સંઘર્ષ જોયો છે. આજે આપણે આ ક્ષેત્રને જરૂરી આર્થિક વિકાસ જોઈ રહ્યા છીએ. મને જૂનો સમય યાદ છે કે પહેલા બસમાં જવાનું હોય તો સવારે એક બસ આવતી અને સાંજે એક બસ આવતી. તેથી જ મોટાભાગના લોકો સાયકલ દ્વારા જવાનું પસંદ કરતા હતા. તેથી જ હું આ વિસ્તારને સારી રીતે જાણું છું. જાણે હું તેના દરેક અંગ સાથે જોડાયેલો છું. હું માનું છું કે અમારા પ્રયાસો અને નીતિઓની સાથે તમારા સંતોના આશીર્વાદ પણ આમાં મોટી ભૂમિકા ભજવે છે. હવે સમય બદલાયો છે અને સમાજની જરૂરિયાતો પણ બદલાઈ ગઈ છે. હવે હું ઈચ્છું છું કે આપણો આ વિસ્તાર આર્થિક વિકાસની સાથે આધ્યાત્મિક વિકાસનું કેન્દ્ર બને. કારણ કે, સંતુલિત જીવન માટે અર્થની સાથે આધ્યાત્મિકતા પણ એટલી જ જરૂરી છે. અને હું ખુશ છું, સાણંદ અને ગુજરાત આપણા સંતો અને મુનિઓના માર્ગદર્શન હેઠળ આ દિશામાં આગળ વધી રહ્યા છે.

ઝાડના ફળ અને તેની શક્તિ તેના બીજ દ્વારા ઓળખાય છે. રામકૃષ્ણ મઠ એ વૃક્ષ છે, જેના બીજમાં સ્વામી વિવેકાનંદ જેવા મહાન તપસ્વીની અનંત શક્તિ રહેલી છે. તેથી જ તેનું સતત વિસ્તરણ, તે માનવતાને જે છાંયો પ્રદાન કરે છે તે અનંત, અમર્યાદિત છે. રામકૃષ્ણ મઠના મૂળમાં રહેલા વિચારોને જાણવા માટે સ્વામી વિવેકાનંદને જાણવું ખૂબ જ જરૂરી છે, એટલું જ નહીં, વ્યક્તિએ તેમના વિચારોને જીવવા પડશે. અને જ્યારે તમે એ વિચારો જીવવાનું શીખો છો, ત્યારે મેં જાતે અનુભવ્યું છે કે કેવી રીતે એક અલગ પ્રકાશ તમને માર્ગદર્શન આપે છે. જૂના સંતો જાણે છે કે રામકૃષ્ણ મિશન, રામકૃષ્ણ મિશનના સંતો અને સ્વામી વિવેકાનંદના વિચારોએ મારા જીવનને કેવી દિશા આપી છે. તેથી જ જ્યારે પણ મને તક મળે છે, ત્યારે હું મારા આ પરિવારમાં આવવાનો અને તમારી સાથે જોડાવવાનો પ્રયત્ન કરું છું. સંતોના આશીર્વાદથી, હું ઘણા મિશન સંબંધિત કાર્યોમાં નિમિત્ત બન્યો છું. ૨૦૦૫માં મને વડોદરામાં દિલારામ બંગલો રામકૃષ્ણ મિશનને સોંપવાનો લહાવો મળ્યો. સ્વામી વિવેકાનંદજીએ અહીં થોડો સમય વિતાવ્યો હતો. અને હું ભાગ્યશાળી છું કે પૂજ્ય સ્વામી આત્મસ્થાનંદજી પોતે હાજર હતા, કારણ કે મને તેમની આંગળી પકડીને ચાલતા શીખવાની તક મળી, મને મારી આધ્યાત્મિક યાત્રામાં તેમનો સાથ મળ્યો.

**ચિંતનમાં સંસ્કાર વિશે વાત કરી છે, અને સંસ્કાર પરથી રાષ્ટ્રની સંસ્કૃતિ નક્કી થાય, સંસ્કાર કે સંસ્કૃતિ હવે વારસાગત રહી નથી!**

# જીવમાત્રનાં સંશયોનું સમાધાન કરનારી ભગવત ગીતા દરેક સનાતનીનું અભિમાન છે!




**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનું કર્તવ્ય કર્મ સમજાવતા કહે છે, કે હે અર્જુન તું એક માત્ર શુદ્ધ આત્મા છે,જે માત્ર ને માત્ર મારી ઈચ્છાને કારણે અહીં ઉભો છે, તો અત્યારે તારું કર્તવ્ય કર્મ આ યુદ્ધ કરવાનું છે. તું તેમાં તારા સગાને જોઈને, મોહ, મમતાવશ યુદ્ધ કાર્ય અધૂરુ મૂકે છે, પણ યુદ્ધ તારી ઈચ્છાથી થતું નથી.**

આવતીકાલે એટલે કે તારીખ ૧૧/૧૨/૨૦૨૪નાં રોજ માગશર સુદ અગિયારસ જેને ગીતા જયંતી કે મોક્ષદા એકાદશીના નામે ઓળખવામાં આવે છે. વિશ્વનો એકમાત્ર એવો ગ્રંથ કે જેની જન્મ જયંતી ઉજવવામાં આવે છે, અને એ આપણે ગર્વ કરવાં જેવી વાત છે. આપણે ઘણીવાર ચિંતનમાં સંસ્કાર વિશે વાત કરી છે, અને સંસ્કાર પરથી રાષ્ટ્રની સંસ્કૃતિ નક્કી થાય. પણ સંસ્કાર કે સંસ્કૃતિ હવે વારસાગત રહી નથી! કાલે બે વિડિયો જોયાં, એક તો નીતા અંબાણી બ્રાન્ડ ઈન્ડિયા તરીકે જાહેર થયાં, અને બીજો એક અશોક પટેલનો વિડિયો હતો જેમાં બે ધનિક પરિવાર એટલે કે શાહરુખ ખાન અને મુકેશ અંબાણીના પરિવારની સરખામણી હતી. જેમાં મુકેશ અંબાણીનાં પરિવારનું નાના માં નાનું બાળક પણ જય શ્રીકૃષ્ણ બોલે છે, એટલે કે સંસ્કારી છે! જ્યારે શાહરુખ... ખેર માત્ર જય શ્રીકૃષ્ણ બોલવાથી આપણે સંસ્કારી છે, એવું કહી શકાય નહીં! પણ મુકેશ અંબાણીનો પરિવાર સંસ્કારી નથી, એવું કહેવાનો પણ ઈરાદો નથી, આ તો માત્ર સરખામણીની વાત કરી એટલે! સમાજમાં કેટલાંય ગરીબ પરિવારો જય શ્રીકૃષ્ણ બોલતાં જ હશે એની નોંધ લેવાતી નથી. કરુણા એ છે કે, વિકાસ સંતુલિત નથી! અને એ આવાં અતિ ધનવાનોને કારણે જ.. ખેર સંસ્કાર માટે માત્ર શ્રીકૃષ્ણ નહીં પણ ગીતાનો બોધ પણ યાદ રાખવો પડે, અને એમાં કહ્યું છે તેમ જીવવું પણ પડે. શ્રીમદ્ ભગવત ગીતા એ ભારતીય જન સમાજની સંસ્કૃતિ હતી ,છે, અને કાયમ રહેશે! મહાભારત નામનાં આદિગ્રંથની રચના સ્વયં ભગવાન વેદ વ્યાસે કરી છે, અને મહાભારતના ભીષ્મ પર્વમાં જ ભગવત્ ગીતા આવે છે. દ્વાપરયુગમાં કૌરવ-પાંડવના આંતરિક યુદ્ધને કુરુક્ષેત્રના યુદ્ધ તરીકે ઓળખાવાયુ છે, અને એ યુદ્ધમાં અર્જુન પોતાની સામે પોતાનાં જ સગાઓને જોઈને જમીનના ટુકડા માટે આટલું ભયંકર અને ભીષણ યુદ્ધ!! આ પોતાનાથી કેમ થાય! એમ વિચારી અને છેલ્લી ઘડીએ હથિયાર હેઠાં મૂકી દે છે. ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પોતાનાં મુખે અર્જુનને સમજાવવા માટે સંવાદ કરે છે, જેને આપણે ભગવત ગીતા તરીકે ઓળખીએ છીએ. આજથી લગભગ ૭૦૦૦ વર્ષ પહેલાં આ ઘટના ઘટી હતી, એટલે કે ગીતાની રચના આટલી પુરાણી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ભગવત ગીતાના ૧૮ અધ્યાય છે, અને તેને ૭૦૦ શ્લોકોમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. નાસીપાસ થયેલા અર્જુનને પોતાનું કર્તવ્ય કર્મ સમજાવવાના હેતુથી, ગીતાની રચના થઈ છે, અને સંજય આ દ્રશ્ય નજરે જોઈ ધૃતરાષ્ટ્રને કહે છે, એ રીતે પણ ગીતાના થોડાક શ્લોકો છે. કૃષ્ણ ઉવાચઃ અર્જુન ઉવાચઃ અને સંજય ઉવાચઃ બસ આટલાં જ પાત્રો વચ્ચેનો સંવાદ છે. તો આ થઈ વાત ગ્રંથની! પણ એમાં એવું શું છે જે આજે પણ આપણું જીવન અજવાળી શકે છે! ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનું કર્તવ્ય કર્મ સમજાવતા કહે છે, કે હે અર્જુન તું એક માત્ર શુદ્ધ આત્મા છે,જે માત્ર ને માત્ર મારી ઈચ્છાને કારણે અહીં ઉભો છે,તો અત્યારે તારું કર્તવ્ય કર્મ આ યુદ્ધ કરવાનું છે. તું તેમાં તારા સગાને જોઈને, મોહ, મમતાવશ યુદ્ધ કાર્ય અધૂરુ મૂકે છે, પણ યુદ્ધ તારી ઈચ્છાથી થતું નથી, તે અંતે મારી જ ઈચ્છા છે, માટે આ યુદ્ધમાં જે કોઈ તારા સગાં વહાલાંનાં મૃત્યુ થાય તેનો દોષ તને લાગશે નહીં. હું ઈચ્છું એ જ તારી નિયતી છે,કે તારી ક્રિયા છે, માટે તું નિશ્ચિત થઈને તારું કર્તવ્ય કર્મ કરે જા. બસ હું કંઈ જ નથી એ ભાવથી તું જે કંઈ કર્મ કરે તેનો દોષ તને લાગશે નહીં, માટે આ ધરાને દુર્યોધનના પાપથી મુક્ત કરવા, અત્યારે યુદ્ધ એ જ અંતિમ સત્યને સ્વીકારી યુદ્ધને શરું કર. તો આ છે જીવ માત્ર માટેનો કર્મનો સિદ્ધાંત! અને તેને બખૂબી સમજાવતા ભગવાન કહે છે કે, કણકણમાં પોતાનો વાસ છે, અને પ્રકૃતિથી માંડીને દરેકે દરેક વસ્તુનાં સંચાલનમાં પરમાત્મા જ પ્રવીણ છે.જ્યારે જીવ માત્ર નિમિત્ત બની જો કોઈ કાર્ય કરે, તો તે આ કર્મના સિદ્ધાંતથી પરે રહી શકે છે, અને કોઈપણ પ્રકારના સારા-ખરાબ કર્મનો ભાર તેને વેઠવાનો રહેતો નથી. એટલે નરસિંહ કહે તેમ હું કરું હું કરું એ જ અજ્ઞાનતા.. પરંતુ અંતે તો અર્જુન એક માનવ છે, અને તે તેની એક પછી એક દ્વિધાને રજૂ કરે છે, અને ભગવાન તેની દ્વિધાનું સમાધાન કરે છે. પરંતુ દ્વાપરના એ યુગમાં ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ગીતાનું ગાન કરી રહ્યા હતા, ત્યારે અર્જુનની બહાર દુર્યોધન હતો, આજે તો દરેક જીવમાં પણ એક દુર્યોધન છુપાયેલ છે, અને અર્જુન દુર્યોધનનું યુદ્ધ ભીતર જ થાય છે, એવે સમયે અર્જુનનું જીતવું બહુ કઠિન બની જાય છે. ટૂંકમાં કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે અહીં જીવથી કંઈ જ થતું નથી, ઝાડનું પાન પણ ઈશ્વરનાં ઈશારે જ હલે છે. પ્રકૃતિના પંચ મહાભૂત તત્વથી માંડી, જડ ચૈતન્યમાં તેની હાજરી છે, અને તે દરેકે દરેકનું સંચાલન ભગવાન યોગેશ્વર કરે છે. જીવમાત્રમાં આત્મારૂપે પરમાત્મા રહેલો છે, અને તેની દેખરેખમાં જો જીવન વિતે, તો ક્યાંય દોષ રહેતો નથી. પરંતુ માનવ સ્વભાવ છે, હું અને મારું, એ મોહ, મમતા એટલી આસાનીથી છૂટતા નથી. મોટે ભાગે જન્મથી મૃત્યુ સુધીની જીવન યાત્રામાં જો જીવ આ સત્યને જાણી લે, તો જીવ બ્રહ્મજ્ઞાનને પામી ગયો છે, અને જીવન મુક્તિ કે મોક્ષ સુધી પહોંચી ગયો એવું આપણે બોલીએ છીએ. બસ આટલી અમથી નાની વાત આપણે સમજી શકતા નથી, કે ઈશ્વર નિર્મિત દરેક કાર્ય ઈશ્વરના સંચાલનથી થઈ રહ્યું છે. એટલે કે દરેક ઘટના તેની ઈચ્છા અને મરજી મુજબ જ અહીં થાય છે, તો હર્ષ શોક શું કામ કરવો! અને નાના મોટા દરેક કર્મ અંતે તો તેજ કરનાર છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ, એવો ભાવ રાખવો એ ખરેખર બહુ જ અઘરું છે. કારણ કે અહીં મારી વાત, મારી સંપત્તિ, મારા સગાં, મારા કર્મો, અને મારું સુખ,આ બધું ક્યાં સુધી ખુદને ખભે રાખી દોડીશું? હું અને મારું એમાં જીવ એવું તે કયું સુખ જોઈ ગયો છે, કે જીવન પર્યંત બસ ભમરાની જેમ ત્યાંજ આટા મારે રાખે છે. કોઈ કોઈ વિરલ વ્યક્તિ જ આ સત્યને જાણી જાય છે, અને જાણ્યા પછી અનુસરે છે, તેને આપણે બુદ્ધ પુરુષ કહીએ છીએ. ગીતામાં એક શ્લોક ધુતરાષ્ટ્રને મોઢે, ૪૭ શ્લોક સંજયને મોઢે,૮૪ શ્લોક અર્જુનને મોઢે, અને ૫૭૪ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણના મોઢે બોલાયા છે, એ ઉપરાંત એ દિવસે રવિવાર હતો. કૃષ્ણને અર્જુનને સમજાવવામા માત્ર ૪૫ મિનિટ થઈ હતી. ૧૮ અધ્યાય અને તેના આ ૭૦૦૦ શ્લોકને સમજતા અર્જુનને માત્ર ૪૫ મિનિટ થઈ, જ્યારે આજે જીંદગી પૂરી થાય, છતાં કર્તવ્ય કર્મનો સિદ્ધાંત સમજાતો નથી.ભગવત ગીતાનો સાર એટલો જ છે, કે જીવમાત્ર જન્મ લઈને આ પૃથ્વી પર ઈશ્વર ઈચ્છાથી જ આવે છે, અને તે જે કંઈ કાર્ય કરે છે, તે માત્ર ને માત્ર તેનું નિમિત્ત છે, અંતે તો બધી જ ક્રિયાઓ ઈશ્વર ઈચ્છાને આધીન છે. તો આ છે વિશ્વ આખાનું પ્રતિનિધિત્વ કરી શકે એવા ગ્રંથનું મહાત્મ્ય! કે જે દરેક સનાતનીનું અભિમાન છે.

**અમારા અધિકારો, આપણું ભવિષ્ય, અત્યારે- Our rights, our future, right now**

# સમગ્ર વિશ્વમાં આજે તા.૧૦ ડિસેમ્બરના રોજ 'વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી થશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**માનવ અધિકાર દિવસની ઉજવણીની સૂચના જાહેર કરવામાં આવી હતી, માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા ૫૦૦ થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે, આવા સમયેભારતમાં માનવ અધિકાર અધિનિયમ ૨૮ સપ્ટે, ૧૯૯૩થી લાગુ કરવામાં આવ્યો હતો અને ૧૨ ઓક્ટોબર ૧૯૯૩ ના રોજ 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ'ની રચનાકરવામાં આવી હતી, જે બાદ દશમી ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આ ઘોષણાને માન્યતા આપવામાં આવી હતી.**

સમગ્ર વિશ્વમાં દર વર્ષે તા.૧૦ ડિસેમ્બરના રોજ 'વિશ્વ માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.આજે દશમી ડિસેમ્બર-૨૦૨૪ને મંગળવાર છે એટલે વિશ્વ માનવ અધિકાર દિવસ'ને વિશે થોડું જાણીએ. દરેક માનવી પોતે મુળભુત રીતે જ જન્મની સાથે જે અધિકારો સાથે જન્મે છે અને જીવનપર્યત જે અધિકારોને કોઈપણ જાતની અડચણ વગર મુક્ત રીતે ભોગી શકે તેવા તમામ અધિકારોને માનવ અધિકારો ગણી શકાય. માનવી જન્મે છે. જીવે છે પરંતુ પોતાનું જીવન જીજીવિશા સાથે જીવંત તાપૂર્ણ જીવી શકે તે માટે પ્રત્યેક માનવીના પોતાના અધિકારો જરૂરી પણ છે અને અનિવાર્ય પણ. સમગ્ર વૈશ્વીક ફલક પર જરા નજર કરીએ તો સવારે સૂર્યના ઉગવા અને આથમવાની અવિરત પ્રક્રિયાની જેમ માનવ અધિકારો હનનના બનાવો બન્યા જ કરે છે.જેનું મુખ્ય કારણ પોતાના જઅધિકારો ની જાણકારીનો અભાવ છે અને અન્યના અધિકારોની અવગણના પણ. સમગ્ર વિશ્વમાં માનવ અધિકારોના ખ્યાલનો વિકાસ અને ઉદભવ ૧૩મી સદીમાં ઈંગ્લેંડમાં બનાવાયેલ લેખીત દસ્તાવેજ' મેગ્નાકાર્ટા'ના ને ગણી શકાય. આ દસ્તાવેજમાં માનવીને માનવી હોવાના કારણે જે અધિકારો પ્રાપ્ત થાય છે તેવા તમામ અધિકારો પ્રાપ્ત થવા જોઈએ તેવા તમામ કુદરતી અધિકારો 'મેગ્નાકાર્ટા' દસ્તાવેજથી ઈંગ્લેંડની પ્રજાને આપવામાં આવેલ હતા. ઈ.સ. ૧૯૧૪ થી ૧૯૧૯ના પ્રથમ વિશ્વયુધ્ધ સમયે માનવ અધિકારો નો વૈશ્વીક કાયદો બનાવવા વિશે વૈશ્વીકસ્તરે ચર્ચાઓ શરૂ થઈહતી પરંતુ આ સમયગાળા દરમ્યાન માનવ અધિકારો વિશેનો કાયદો બનાવવામાં સફળતા પ્રાપ્ત ન થવાથી તે ખયાલ વિશેનો સર્વ સંમતિથી કાયદો બનાવી શકાયેલ ન હતો.જેના ફલશ્રુતીરૂપે સમગ્ર વિશ્વના તમામ દેશોને વિશ્વયુધ્ધ ના માઠા પરિણામો ભોગવવા પડેલ ઈ.સ.૧૯૪૫માં સમગ્ર વૈશ્વીક સ્તરે માનવીને માનવી તરીકે મળતા અધિકારો અંગે સૌપ્રથમ વખત 'માનવ અધિકાર' શબ્દોનો પ્રયોગ કરવામાં આવેલો. માનવ અધિકાર' શબ્દનો અર્થ સમજતા પહેલા અધિકાર શબ્દને સમજવો ખુબજ જરૂરી છે. અધિકાર એટલે માનવીનું હિત છે કે જે કાયદા દ્વારા માનવીનાહિતને સુરક્ષીત રાખવામાં આવેલું છે. સમગ્ર વિશ્વમાં માનવઅધિકારોના રક્ષણ અર્થે યુનોએ સૌપ્રથમ વખત યુર્નિવર્સલ ડિક્લેરેશન ઓફ હ્યુમન રાઈટસ (યુડીએચ આર) નામનો દસ્તાવેજ બનાવમાં આવેલો હતો. આ ધોષણાપત્રમાં જણાવ્યું કે તમામ માનવીઓ તેમના અધિકારો અને ગૌરવ બાબતમાં જન્મથી સમાન છે અને તમામને કોઈપણ જાત કાળા- ગોરા (રંગ), વર્ણ, જાતી (સ્ત્રી- પુરૂષ), ભાષા,ધર્મ, રાજકીય કે અન્ય વિચારો,રાષ્ટ્રીય કે સામાજીક મુળ (વતન), મિલકત, જન્મ કે અન્ય કોઈ હોદ્દાના તફાવતો વિના તમામ અધિકારો અને સ્વાતંત્રતાઓ પ્રાપ્ત થાય છે. ભારતીય બંધારણમાં અપાયેલ માનવી અધિકારો દરેક વ્યકતિને માત્રને માત્ર સરકાર વિરૂધધ જ પ્રાપ્ત થતાં હોવાથી માનવ અધિકારોના ભંગ બદલ રાજ્ય સેવક વિરૂધ્ધ જ ફરિયાદ કરી શકાય છે.માનવ અધિકાર ભંગની ફરિયાદ વ્યક્તિ-વ્યક્તિ વિરૂધ્ધ દાખલ કરી શકાતી નથી. માનવ અધિકારોના ભંગના કિસ્સાઓમાં કોર્ટમાં જ ફરિયાદ કરી જ શકાય છે, પરંતુ તેના સિવાય પણ જેમ કે રાષ્ટ્રીય માનવ અધિકારઆયોગ (એનએચઆરસી) તેમજ રાજ્ય માનવ અધિકાર આયોગ સમક્ષ પણ લેખીત ફરીયાદ કરીને પણ આગળની જરૂરી કાર્યવાહી કરી શકાય છે.આ ઉપરાંત મહિલાઓ પોતાના માનવ અધિકાર ભંગની ફરિયાદ રાષ્ટ્રીય મહિલા આયોગ અને રાજય મહિલા આયોગને પોતાની ફરિયાદો કરી શકે છે. તેમજ અનુસુચિત જાતી અને અનુસુચિત આદિજાતીના લોકો રાષ્ટ્રીય અનુસુચિત જાતી અને અનુસુચિત જાતી આયોગ સમક્ષ ફરિયાદ કરી તેના માનવઅધિકારો ના ભંગ બદલ વળતર પ્રાપ્ત કરી શકે છે.ભારતીય બંધારણમાં દરેક માનવીને તમામ માનવ અધિકારો અપાયા હોવા છતા ગુજરાત માનવ વિકાસમાં પછાત છે તેમ ગુજરાત સરકારે પણ સ્વીકારવું પડયું છે.અહિ પ્રશ્નો એવો ઉપસથિત થાય છે કે શું માત્ર કાગળ ઉપર અધિકારો આપી દેવાથી અધિકારો ભોગવી શકાય ? તેના સંદર્ભમાં સમજવા જેવી એ બાબત છે કે સરકારી બધા તંત્રોમાં પણ માણસો જ કામ કરે છે અને આ માણસો કાયદાના રખેવાળ બનવાના બદલે કાયદાના ભંગને નજર અંદાજ કરે છે.જે લોકો પાસે રાજકીય,આર્થિક કે ધાર્મિક સતાઓ છેતેવા લોકો સતાનો દૂર ઉપયોગ કરી અન્ય માણસોના અધિકારોનું હનન કરે છે.દશમી ડિસેમ્બરના રોજ એટલે કે આજે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ છે. આખા વિશ્વમાં દર વર્ષે દશમી ડિસેમ્બરના રોજ આંતર રાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ ઉજવવામાં આવે છે,આ વર્ષે પણ તે ખૂબ જ ધામધૂમથીઉજવવામાં આવી રહ્યો છે. આ વર્ષની થીમ'Our rights, our future, right now અમારા અધિકારો, આપણું ભવિષ્ય, અત્યારે. દશમી ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ સંયુક્ત રાષ્ટ્રએ માનવ અધિકારો ની વિશ્વ ઘોષણા જાહેર કરીને પ્રથમ વખત માનવ અધિકારની વાત કરી હતી.જોકે સત્તાવાર રીતે આદિવસની જાહેરાત ૧૯૫૦માં કરવામાં આવી હતી. એસેમ્બલીએ આ દિવસે 'આંતર રાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ' ઉજવવા માટે તમામ દેશોને આમંત્રિત કર્યા હતા,ત્યાર બાદ એસેમ્બલીએ ઠરાવ ૪૨૩ (વી) પસાર કરીને તમામ દેશો અને સંબંધિત સંસ્થાઓને આ દિવસ ની ઉજવણી કરવા માટે આહવાન કર્યું હતું. માનવ અધિકાર દિવસની ઉજવણીની સૂચના જાહેર કરવામાં આવી હતી. માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા ૫૦૦ થી વધુ ભાષાઓમાં ઉપલબ્ધ છે. આવા સમયેભારતમાં માનવ અધિકાર અધિનિયમ ૨૮ સપ્ટે. ૧૯૯૩થી લાગુ કરવામાં આવ્યો હતો અને ૧૨ ઓક્ટોબર ૧૯૯૩ ના રોજ 'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ'ની રચનાકરવામાં આવી હતી. જે બાદ દશમી ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા આ ઘોષણાને માન્યતા આપવામાં આવી હતી, અને માનવ અધિકાર દિવસ માટે દશમી ડિસેમ્બરનો દિવસ નક્કી કરવામાં માનવ અધિકાર એટલે વિશ્વમાં રહેતા દરેક માનવીને મળેલા કેટલાક વિશેષ અધિકારો, જે વિશ્વને એકસાથે બાંધે છે, દરેક વ્યક્તિનું રક્ષણ કરે છે,તેને સ્વતંત્રતા સાથે વિશ્વમાં રહેવા દે છે. કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ કિંમતે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ, કોઈ સમસ્યા ન હોવી જોઈએ. માનવ અધિકારો એટલા માટે બનાવવામાં આવ્યા હતા કે, તેઓ પોતાનું જીવન ખુશીથી જીવી શકે માનવ અધિકાર દિવસ લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. માનવ અધિકારનો અર્થ છે મનુષ્યને તે તમામ અધિકારો આપવા,જે વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગૌરવ સાથે સંબંધિત છે. આ તમામ અધિકારો ભારતીય બંધારણના ભાગ -૩માં મૂળભૂત અધિકારોના નામે હાજર છે અને જેઓ આ અધિકારોનું ઉલ્લંઘન કરે છે, તો તેમને કોર્ટ દ્વારા સજા કરવામાં આવે છે. માનવ અધિકારોમાં આરોગ્ય, આર્થિક,સામાજિક અને શિક્ષણ નો અધિકાર પણ શામેલ છે. માનવ અધિકારએ એવા મૂળભૂત કુદરતી અધિકારો છે કે, જેનાથી જાતિ, જ્ઞાતિ,રાષ્ટ્રીયતા,ધર્મ,લિંગ વગેરેના આધારે મનુષ્ય ને વંચિત અથવા દમન કરી શકાય નહીં. ભારતમાં ૧૨ ઓક્ટોબર,૧૯૯૩ના રોજ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના કરવામાં આવી હતી, ત્યારથી માનવ અધિકાર આયોગ રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યના ક્ષેત્રોમાં પણ કામ કરે છે. જેમ કે વેતન, એચ આઈ વી.એઈડ્સ, આરોગ્ય, બાળ લગ્ન, મહિલા અધિકાર. માનવ અધિકાર પંચનું કામ વધુને વધુ લોકોને તેમના અધિકારો વિશે જાગૃત કરવાનું છે. જોકે, ભારતમાં માનવાધિકારની વાત કરીએ તો સ્પષ્ટ થાય છે કે,આજે પણ ઘણા લોકો પોતાના અધિકારો હોવા છતાં માનવ અધિકારો વિશે જાગૃત નથી. પછાત રાજ્યો અને ગામડાઓમાં જ્યાં સાક્ષરતાનું સ્તર થોડું નીચું છે, ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન સામાન્ય છે. આવા વિસ્તારોમાં સત્તા ધરાવતા લોકો તેમને અનુસરતાનથી અને સામાન્ય લોકો પર દબાણ બનાવે છે. શહેરોમાં માનવઅધિકારો પ્રત્યે જાગૃત લોકો હોય છે, પરંતુ તેઓ તેનો ખોટો ફાયદો પણ ઉઠાવે છે. ભારતમાં નાગરિકોને આપવામાં આવેલ મૂળભૂત અધિકારો;
-સમાનતા અથવા સમાનતાનો અધિકાર(કલમ ૧૪થી કલમ ૧૮), -સ્વતંત્રતાનો અધિકાર (કલમ ૧૯ થી ૨૨)-શોષણ સામે અધિકાર (કલમ ૨૩ થી ૨૪)-ધર્મની સ્વતંત્રતાનો અધિકાર (કલમ ૨૫ થી ૨૮)- સંસ્કૃતિ અને શિક્ષણનો અધિકાર (લેખ ૨૯ થી ૩૦)- બંધારણીય અધિકારો(કલમ-૩૨) દેશના દરેક નાગરિકની ફરજ હશે કે તે બંધારણનું પાલન કરે અને તેના આદર્શો, સંસ્થાઓનું સન્માન કરે.-રાષ્ટ્રીય ચળવળને પ્રેરણા આપનારા ઉચ્ચ આદર્શોને વળગી રહેવું અને તેનું પાલન કરવું. -દેશની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાની રક્ષા કરો અને તેને અકબંધ રાખો. -આપણી તમામ ક્ષમતા સાથે દેશની રક્ષા કરો. -ભારતના તમામ લોકોમાં સંવાદિતા અને સમાન બંધુત્વની ભાવના ઉભી કરવી. -આપણી સામાજિક સંસ્કૃતિની ભવ્ય પરંપરાના મહત્વને સમજો અને તેનું નિર્માણ કરો.

# તૃપ્તિ ડિમરી ૨૦૨૪ની સૌથી લોકપ્રિય સ્ટાર, દીપિકા બીજા, શાહરૂખ ચોથા ક્રમે

## ઐશ્વર્યા રાયની કોઈ ફિલ્મ તો નથી આવી પરંતુ વિવિધ કાર્યક્રમો અને એવોર્ડને કારણે તે લોકોની નજરમાં સતત રહી છે



ધ ઈન્ટરનેટ મુવી ડેટાબેઝ(આઈએમડીબી) દ્વારા ૨૦૨૪ના સૌથી લોકપ્રિય સ્ટાર્સની યાદી જાહેર કરવામાં આવી છે. તેઓ દર વર્ષે આ પ્રકારની યાદી જાહેર કરે છે, જેમાં ગયા વર્ષે શાહરૂખ ટોપ પર હતો, કારણ કે તેની એક પછી એક ત્રણ ફિલ્મો આવી હતી. ૨૦૨૪ની યાદીમાં શાહરૂખનો સમાવેશ થયો છે ખરો, પણ તે ચોથા ક્રમે ખસી ગયો છે. આ વર્ષે તૃપ્તિ ડિમરી ટોપ પર રહી છે. જેની આ વર્ષે બે ફિલ્મો 'ભૂલભુલૈયા ૩' અને 'બૅડ ન્યુઝ' રિલીઝ થઈ છે. આ વર્ષે બીજા સ્થાને દીપિકા પાદૂકોણ રહી છે કારણ કે તેની હતિક રોશન સાથે 'ફાઈટર' ફિલ્મ પણ આવી તે ઉપરાંત દીપિકાએ આ વર્ષે દિકરીને જન્મ પણ આપ્યો. જ્યારે ત્રીજા ક્રમે ઈશાન ખટ્ટર રહ્યો છે, જેનો નેટફ્લિક્સ પર 'ધ પર્ફેક્ટ કપલ' શો આવ્યો છે. આ યાદીમાં ચોથું, પ ાંચમું અને છઠ્ઠું સ્થાન શાહરૂખ ખાન, શોભિતા ધુલીપાલા અને શર્વરી વાઘને મળ્યું છે. શર્વરીએ આ વર્ષે 'મહારાજ' અને 'મુંજ્યા' જેવી સફળ ફિલ્મો આપી છે, જ્યારે શોભિતા નાગા ચૈતન્ય સાથે લગ્નના કારણે ચર્ચામાં રહી હતી. આઈએમડીબીની યાદીમાં સાતમા સ્થાને ઐશ્વર્યા રાય બચ્ચન રહી છે, જેની કોઈ ફિલ્મ તો



નથી આવી પરંતુ વિવિધ કાર્યક્રમો અને એવોર્ડને કારણે તે લોકોની નજરમાં સતત રહી છે, તેમજ પતિ અભિષેક બચ્ચન સાથે ડિવોર્સની અફવાઓ બાબતે પણ તે સતત ચર્ચામાં રહી છે. આ જ કારણથી સમંથા રુથ પ્રભુ આ વર્ષે આઠમા ક્રમે રહી છે. સાથે તેની વરુણ ધવન સાથે વૅબ સિરીઝ 'સિટાડેલ:હની બની' પણ આવી છે. સમંથા અને આલિયાના અંગત જીવન અંગે વારંવાર ગોસિપ થતી રહે છે. આ રીતે આલિયા આ વર્ષે નવમા સ્થાને રહી છે. તેની આ વર્ષે એક જ ફિલ્મ 'જિગરા' રિલીઝ થઈ હતી. જોકે, આ ફિલ્મ બાબતે વિવેચકોના પણ અલગ અલગ મત હતા અને બોક્સ ઓફિસ પર પણ ફિલ્મ ખાસ ચાલી નહોતી. આ યાદીમાં અંતિમ અને દસમા સ્થાને તેલુગુ સ્ટાર પ્રભાસ રહ્યો છે. તેણે આ વખતે મોટા બજેટની હિટ ફિલ્મ 'કલ્કિ ૨૮૯૮ એડી' તો આપી જ છે, જે બાહુબલિ ફિલ્મો પછી દેશભરનો લોકપ્રિય કલાકાર બની ગયો છે.

### રશ્મિકાનો સિમ્પલ સ્ટાઈલ જોઈને ફેન્સ પણ ક્રેઝી થયા

# અભિનેત્રી રશ્મિકા મંદન્ના પહેલા ઓડિશનનો વીડિયો થયો વાયરલ

પુષ્પા ૨ ધ રાઈઝની સફળતા સાથે શ્રીવલ્લી એટલે કે રશ્મિકા મંદન્ના પણ ઘણી ચમકી રહી છે. કોઈપણ રીતે, તેના ચાહકો તેને શ્રીવલ્લીના અવતારમાં જોવા માટે ઉત્સુક હતા. હવે ફિલ્મ રિલીઝ થયા બાદ દરેકની રાહ પૂરી થઈ ગઈ છે અને આ દરમિયાન રશ્મિકા મંદન્નાના એક જૂનો વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં રશ્મિકા મંદન્ના ખૂબ જ યુવાન, માસૂમ અને ક્યૂટ લાગી રહી છે. રશ્મિકા મંદન્નાના આ વીડિયોને ફેન્સ ખૂબ પસંદ કરી રહ્યા છે. જો કે, કેટલાક ચાહકોને શંકા છે કે આ છૈં જનરેટેડ વિડિયો પણ હોઈ શકે છે. આ વીડિયો ઈન્સ્ટાગ્રામ હેન્ડલ રશ્મિકા માય શાઈન પરથી પોસ્ટ કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં રશ્મિકા મંદન્ના તેના વાળ લાંબા, ખુલ્લા અને ખૂબ જ સરસ રીતે સ્ટાઈલ કરેલા છે. આ સાથે તેણે માત્ર એક ઘડિયાળ પહેરી છે. બાકીનો લુક સિમ્પલ રાખવામાં આવ્યો છે. આ સિમ્પલ લુકમાં પણ તે ખૂબ જ ક્યૂટ લાગી રહી છે. આ



વીડિયોમાં રશ્મિકા મંડન પોતાના વિશે જણાવે છે અને કદાચ કેટલાક ડાયલોગ બોલે છે. જ્યારે તે કંઈક ભૂલી જાય છે, ત્યારે તે ફરીથી કંઈક પૂછે છે અને તેનું પુનરાવર્તન પણ કરે છે. પુષ્પા ૨ ધ રાઈઝની સફળતા સાથે શ્રીવલ્લી એટલે કે રશ્મિકા મંદન્ના પણ ઘણી ચમકી રહી છે કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેના પ્રથમ ઓડિશન સમયે તે માત્ર ૧૯ વર્ષની હતી અને આટલી નાની ઉંમરે પણ તેના ચેહરા પર ખૂબ જ આત્મવિશ્વાસુ દેખાઈ રહ્યો હતો. રશ્મિકા મંડન્નાના આ વીડિયોને જોયા બાદ એક ફેને કમેન્ટ કરી છે કે તે ત્યારે પણ ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી. અન્ય એક ચાહકે લખ્યું કે આ વાસ્તવિક આગ છે. કેટલાક ચાહકોને શંકા છે કે આ AI જનરેટેડ વીડિયો હોઈ શકે છે. કારણ કે આ પહેલા પણ રશ્મિકા મંદન્નાનો એક વીડિયો વાયરલ થયો હતો.

### ખુલ્લામાં દારૂ અને માંસ પીરસવાનો આરોપ

# બજરંગ દળનો દિલજીતના ઈન્દોર કોન્સર્ટમાં હંગામો

મધ્યપ્રદેશના ઈન્દોરમાં ૮મી ડિસેમ્બરે એટલે કે આજે યોજાનાર પંજાબી ગાયક દિલજીત દોસાંઝના કોન્સર્ટનો ગઈકાલે બજરંગ દળે વિરોધ કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદના સભ્ય યશ બચાનીએ હવે કહ્યું છે કે બજરંગ દળ ફરીથી આ ઘટનાનો વિરોધ કરવા અને માંસ અને દારૂ પીરસવાના વિરોધમાં રસ્તા પર ઉતરી શકે છે.યશ બચાનીએ વધુમાં જણાવ્યું કે, બજરંગ દળને માહિતી મળી હતી કે શહેરમાં એક કોન્સર્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં દારૂ અને માંસ ખુલ્લેઆમ પીરસવામાં આવશે. અમે અહીં તેનું નિરીક્ષણ કરવા અને મહિલાઓની સુરક્ષા માટે પોલીસ પ્રશાસન દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેની ખાતરી કરવા આવ્યા છીએ. VHP સભ્યએ એમ પણ કહ્યું કે, અમે અહીં લવ જેહાદની કોઈ પણ ઘટનાને લઈને પણ સતર્ક છીએ. અમે શહેરમાં સંસ્કૃતિને બચાવવા માટે ખુલ્લામાં દારૂ અને માંસ પીરસવાનો વિરોધ કરીએ છીએ. બજરંગ દળ આવતીકાલે કોન્સર્ટના વિરોધમાં રસ્તા પર ઉતરી શકે છે. અમે તમને અમારા નિર્ણય વિશે જણાવીશું. ગઈકાલે બજરંગ દળના સભ્યો 'જય જય શ્રી રામ' અને 'દેશ કા બલ, બજરંગ દળ' જેવા નારા લગાવતા જોવા મળ્યા હતા. એક સભ્યએ કહ્યું, 'આ બજરંગ દળનું આજે ટ્રેલર હતું. આવતીકાલે આખી ફિલ્મ બતાવીશું.દરમિયાન ઝોન ૨ ના એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) અમરેન્દ્ર સિંહે ખાતરી આપી હતી કે ઈન્દોર પોલીસ પરિસ્થિતિને ગંભીરતાથી લઈ રહી છે. તેમણે કહ્યું, 'ઈન્દોર પોલીસ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, મહિલાઓની સુરક્ષા અને ડ્રગ્સના દુરુપયોગના મુદ્દાઓને ગંભીરતાથી લે છે. અમે અહીં ખુલ્લામાં દારૂ પીરસવા અને પીવાની મંજૂરી આપી નથી. અમે દરેક બાબતને ધ્યાનમાં લઈ રહ્યા છીએ.ગઈકાલે પોલીસને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે દિલજીત દોસાંઝના કોન્સર્ટ પહેલા મોંઘી કિંમતે ટિકિટો વેચવા બદલ ઈન્દોર પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી. બ્લેક માર્કેટિંગમાં સંડોવાયેલા આરોપીઓએ કોન્સર્ટની ટિકિટ ઓનલાઈન ખરીદી હતી અને તેને ૧૦,૦૦૦ રૂપિયામાં વેચવાનો પ્રયાસ કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) રાજેશ ત્રિપ ાઠીએ જણાવ્યું હતું કે, 'ક્રાઈમ બ્રાન્ચ ટિકિટના કાળાબજાર પર સતત નજર સખી રહી છે.



**દિલજીત દોસાંઝના કોન્સર્ટ પહેલા મોંઘી કિંમતે ટિકિટો વેચવા બદલ ઇન્દોર પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી**

# કરોડપતિ પંજાબી સિંગરે મલાઈકા માટે ગાયું ગીત

### સ્ટેજ પર બે મોટા સ્ટાર્સને એકસાથે જોયા બાદ ચાહકોની ખુશીની કોઈ ઠેકાના રહ્યા નહોતા



પંજાબી સિંગર એપી ધિલ્લોને ગઈકાલે રાત્રે મુંબઈમાં અદભૂત કોન્સર્ટ યોજ્યો હતો, જ્યાં લોકો ગાયકના સુપરહિટ ગીતો પર નાચવા માટે મજબૂર થઈ ગયા હતા. બોલિવૂડની સૌથી સ્ટાઈલિશ અને ગ્લેમરસ ડીવા મલાઈકા અરોરાએ પણ એપી ધિલ્લોનના કોન્સર્ટમાં હાજરી આપી હતી.એપી ધિલ્લોને તેના કોન્સર્ટમાં મલાઈકા સાથેની એક ફેન મોમેન્ટ શેર કરી હતી. સિંગરે મલાઈકાને સ્ટેજ પર બોલાવીને કહ્યું કે, મલાઈકા મેરે બચપનન કા ક્રશ. આ પછી એપી ધિલ્લોને મલાઈકાને સ્ટેજ પર જ ગળે લગાવીને તેનું સ્વાગત કર્યું. અભિનેત્રી માટે તેમનું સુપરહિટ ગીત પણ ગાયું હતું.મલાઈકા એપી ધિલ્લોનના ગીતો પર ડાન્સ કરતી જોવા મળી હતી. સ્ટેજ પર બે મોટા સ્ટાર્સને એકસાથે જોયા બાદ ચાહકોની ખુશીની કોઈ ઠેકાના રહ્યા નહોતા. આ પળ તેના માટે કોઈ ટ્રીટથી ઓછી ન





હતી.મલાઈકાએ તેના સિઝલિંગ લુકથી કોન્સર્ટમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. મલાઈકા શોર્ટ ડ્રેસમાં જોવા મળી હતી. તેણે હાઈ હીલ્સ અને સ્લિંગ બેગ સાથે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો. ખુલ્લા વાળ અને લાઈટ ગ્લોઈંગ મેકઅપમાં મલાઈકા હંમેશાની જેમ ડિવા ગ્લેમરસ દેખાતી હતી. એપી ધિલ્લોનના કોન્સર્ટની અભિનેત્રીઓના ફોટા અને વીડિયો વાયરલ થઈ રહ્યા છે. મલાઈકા અરોરાએ હાલમાં જ અર્જુન કપૂર સાથેના બ્રેકઅપની વાત સ્વીકારી હતી. તેણે રમૂજી શૈલીમાં તેને સિંગલ બતાવી હતી. અર્જુન સાથેના બ્રેકઅપ બાદ તેણે ફેશન સ્ટાઈલિશ રાહુલ વિજય સાથે ડેટિંગની અફવાઓને વેગ આપ્યો છે. મલાઈકા ગયા અઠવાડિયે રાહુલ સાથે ડિનર પર જોવા મળી હતી. શનિવારે રાત્રે પણ તે એપી ધિલ્લોનના કોન્સર્ટમાં રાહુલ સાથે જોવા મળી હતી. કોન્સર્ટમાં મલાઈકાએ બધાના દિલ જીતી લીધા હતા. તે કોન્સર્ટ દરમિયાન સ્ટેજ પર એપી ધિલ્લોન સાથે જ જોડાવા સાથે સાથે કોન્સર્ટ પછી રાહુલ સાથે સેલ્ફી પણ શેર કરી હતી.

# બ્રેકઅપ બાદ મિસ્ટ્રી મેન સાથે દેખાઈ

### મલાઈકાએ હાલમાં જ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્રિપ્ટિક નોટ શેર કરી હતી

અર્જુન કપૂર સાથે બ્રેકઅપ બાદ મિસ્ટ્રી મેન સાથે દેખાઈ મલાઈકા અરોરા, મલાઈકા અરોરાએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક તસવીર પોસ્ટ કરી હતી, જેમાં તેણે રાહુલ સાથેનો પોઝ શેર કર્યો છે. મલાઈકાએ 'તમારી સાથે' ગીત સાથેની તસવીર શેર કરી છે. મલાઈકા અરોરાએ હાલમાં જ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્રિપ્ટિક નોટ શેર કરી હતી, જેમાં તેણે લખ્યું, દરેક પોઝિટિવ વિચાર એક મૌન પ્રાર્થના છે. આ તસવીર સૌથી પહેલા રાહુલ વિજયે શેર કરી હતી. મલાઈકાએ તેને ફરીથી શેર કરી હતી. કોન્સર્ટમાં મલાઈકા મસ્તી કરતી હતી તે વખતની કેટલીક તસવીર પણ રાહુલે શેર કરી હતી.




મલાઈકા અરોરાએ હાલમાં જ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક ક્રિપ્ટિક નોટ શેર કરી હતી. સ્ટેજ પર બે મોટા સ્ટાર્સને એકસાથે જોયાબાદ ચાહકોની ખુશીની કોઈ ઠેકાના રહ્યા નહોતા, જેમાં તેણે લખ્યું, "દરેક પોઝિટિવ વિચાર એક મૌન પ્રાર્થના છે, જે તમારું જીવન બદલી નાખશે. શુભ સવાર તમારો દિવસ શુભ રહે." ચાહકોનું માનવું છે કે તેનો આ સંદેશ બ્રેકઅપ પછી તેની લાગણીઓને વ્યક્ત કરી રહી છે. અન્ય એક પોસ્ટમાં તેણે લખ્યું હતું, "અત્યારે મારુ સ્ટેટસઃ રિલેશનશિપમાં સિંગલ, હેહેહે," તેણે સિંગલ વિકલ્પને હાઈલાઈટ કર્યુ હતું.



### ૨૦૨૪માં આલિયા, અક્ષય, રિતિકને સફળતા મળી નહીંઃ વિક્રાંત મેસ્સી, રાજકુમાર રાવ અને કાર્તિક આર્યન હિટ રહ્યાં

# સરપ્રાઈઝ કે સેટબેક? સ્ટાર પાવર ખાસ ચાલ્યો નહીં અને એક્ટર્સ બાજી મારી ગયા

૨૦૨૪નું વર્ષ ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ઘણા ચડાવ-ઉતારભર્યું રહ્યું. નાની ફિલ્મો કલ્પના કરતા વધારે સારી ચાલી ગઈ, તો મોટા બજેટની ઘણી ફિલ્મો ઊંધા માથે પછડાઈ છે. સાથે જ આ વર્ષ સુપર સ્ટાર કલાકારો માટે પણ નબળું જ રહ્યું છે. ૨૦૨૩થી બિલકુલ ઉલ્ટું, આ વર્ષે 'સ્ત્રી ૨', 'લાપતા લેડીઝ' અને 'મુંજ્યા' કલ્પ નાથી પણ વધુ સારી ચાલી ગઈ છે. આલિયાની 'જિગરા' એટલે ગાજ્યાં મેઘ વરસ્યા નહીં, આલિયાએ આ વર્ષે 'જિગરા'માં એક્શન રોલ કરવાની કોશિશ કરી. તેણે સ્ટંટ કર્યા અને ગુંડાઓ સાથે લડી,





પોતાના ભાઈને બચાવવા માટે બહાદુર બંકાના રોલમાં આવી ગઈ. પરંતુ આટલું તેની ફિલ્મને સફળ બનાવવા અને ઓડિયન્સને થિએટર સુધી ખેંચી લાવવા પૂરતું નહોતું. આ ફિલ્મ જે દિવસે રિલીઝ થઈ એ જ દિવસે રાજકુમાર રાવની 'વિક્કી વિદ્યા કા વો વાલા વીડિયો' રિલીઝ થઈ અને તે કમાણીમાં આગળ નીકળી ગઈ. ત્યારે એટલું આશ્વાસન રહ્યું છે કે જો આલિયાની ફિલ્મને સોલો રિલીઝ મળી હોત તો કદાચ સારી ચાલી ગઈ હોત. ખિલાડી કુમારનો ખેલ થઈ ગયો, અક્ષય કુમારનું નિષ્ફળ વર્ષ - અક્ષય કુમાર હંમેશા એક વર્ષમાં બે-થી ત્રણ ફિલ્મો કરતો રહ્યો છે. આ ફિલ્મો એક જ વર્ષમાં એક પ છી એક રિલીઝ પણ થતી રહે છે. એક ઈન્ટરવ્યૂમાં તેણે આ અંગે



અમિતાભ બચ્ચને તેને આપેલી સલાહ અંગે પણ અક્ષયે વાત કરી હતી. પણ આ વર્ષ અક્ષય માટે એવું રહ્યું કે, તેણે થોડું અટકીને મનોમંથન કરવાની જરૂર છે. ૨૦૨૪માં તેની ત્રણ ફિલ્મો આવી અને ૨ ફિલ્મોમાં તેણે મહેમાન કલાકારનો રોલ કર્યો. તેની મહેમાન ભૂમિકા વાળી બંને ફિલ્મો 'સ્ત્રી ૨' અને 'સિંઘમ અગેઈન' તો સારી ચાલી પરંતુ તેનો લીડ રોલ હતો એ બધી ફિલ્મો પીટાઈ ગઈ. 'બડે મિયાં છોટે મિંયા', 'ખેલ ખેલ મેં' અને 'સરફિરા' ભેગા થઈને કુલ ૧૩૦.૬૨ કરોડ માંડ કમાઈ શક્યા. તેમાં પણ 'બડે મિંયા છોટે મિંયા' તો ખૂબ મોટા બજેટ સાથે બની હતી, જે બિલકુલ ચાલી નહીં. દીપિકાના સાથ છતાં રિતિકની ફાઈટ ફ્લોપ, રિતિકની 'ફાઈટર'ની રાહ તો આતુરતાપૂર્વક જોવાતી હતી. કારણ કે આ ફિલ્મમાં રિતિક અને દિપિકા પહેલી વખત એકસાથે જોવા મળવાનાં હતાં. શાહરુખ સાથે 'પઠાણ' જેવી સફળ ફિલ્મ આપનાર સિદ્ધાર્થ આનંદે આ ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ બિલકુલ ન ચાલી અને સિદ્ધાર્થે તેની પાછળ જે વિચિત્ર કારણ આપ્યું તેણો વિવાદ જગાવ્યો. સિદ્ધાર્થે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, "આપણા દેશની ૯૦ ટકા જનતા ક્યારેય પ્લેનમાં બેઠી નથી. તેમણે ક્યારેય એરપોર્ટ જોયું નથી, તેથી તેમને ખબર જ ન પડી કે ફિલ્મમાં શું બની રહ્યું છે." અજય, કરીના અને દિપીકા માટે અપવાદ રહ્યો આ વર્ષ અજય દેવગન, કરીના કપૂર ખાન અને દીપિકા પાદુકોણ માટે થોડું અપવાદ રહ્યું. અજયની 'શૈતાન' સારી ચાલી તો 'મૈદાન' ખાસ ન ચાલી, માત્ર ૬૮.૦૯ જ રડી શકી. જ્યારે 'સિંઘમ અગેઈન' કાર્તિક આર્યનની 'ભુલભુલૈયા ૩' સાથે ટક્કર છતાં હિટ રહી. કરીનાના પણ આ ફિલ્મમાં વખાણ થયા, સાથે તેની 'બકિંગહામ મર્ડર'માં તેના વખાણ તો થયાં પણ ફિલ્મ ચાલી નહીં. તે બોક્સ ઓફિસ પર માત્ર ૧૫.૮૪ કરોડમાં સમેટાઈ ગઈ. જ્યારે દીપિકાની 'કલ્કિ ૨૮૯૮ એડી'





અને 'સિંઘમ અગેઈન' તો હિટ રહી પરંતુ 'ફાઈટર'માં તેને પણ રિતિકની જેમ

**એક ઇન્ટરવ્યૂમાં અક્ષય કુમારે આ અંગે અમિતાભ બચ્ચને તેને આપેલી સલાહ અંગે પણ અક્ષયે વાત કરી હતી**



# દેવગઢ બારીઆ ભે દરવાજા બહાર આવેલ નાયરની દુકાન આગળથી મોટી ટ્રકના ૧૭ ટાયર ચોરાયા

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૯ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર ના ભે દરવાજા બહાર આવેલ નાયર ની દુકાન ચલાવતા રહીમભાઈ પઠાણ પોતા ગુજરાન ચલાવવા માટે દુકાન ભાડે રાખી નાયર નું કામકાજ કરતા હતા તથા પંચર બનાવવા માટે રહીમભાઈ ના ત્યાં ગ્રાહક પંચર બનાવવા માટે ટાયર મૂકી ગયેલ હતા ગ્રાહકો જેમાં ગ્રાહક ના જે ટાયર પંચર બનાવવા ના હતા તે ટાયર દુકાન આગળ મુકેલ હતા તે રાત્રિ દરમ્યાન ટાયર અને વ્હીલ પ્લેટ સાથે ચોરાઈ ગયેલ જેની જાણ નાયર રહીમ પઠાણ ને બીજે દિવસ સવાર માં માલુમ થતા તેઓ એ આસપાસ પૂછપરછ અને શોધખોળ કરતા ટાયરો મળી ના આવતા રહીમ પઠાણે આ બાબતે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન માં જાણ કરતા આ બાબતે


તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

આશરે એક લાખ રૂપિયા ના ટાયર ચોરાઈ ગયા ની ફરિયાદ લઈ પોલીસે ટાયર ચોર ને પકડવા ની તજવીજ હાથ ધરી છે.

### બે ટીંપા જિંદગીના- ‘‘પોલિયો રસીકરણ અભિયાન’’

# નર્મદા જિલ્લામાં પોલિયો રસીકરણ બૂથનું શુભારંભ કરી બાળકોને પોલીયોનાં બે ટીપાં પીવડાવવામાં આવ્યા

। (માહિતી) નર્મદા, તા.૯ ।

રાજ્ય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યની સાથે નર્મદા જિલ્લામાં તા. ૦૮ થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ‘‘પોલિયો રસીકરણ અભિયાન’’નો શુભારંભ કરવામાં આવ્યો છે. ત્યારે નર્મદાની ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી-આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં પ્રથમ દિવસે ૨૨૪ બુથ પર પોલિયોનાં ટીપાં પિવડાવવામાં આવ્યાં હતાં. ‘‘પોલિયો રસીકરણ અભિયાન’’ અંતર્ગત નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંગભાઈ તડવીના હસ્તે તિલકવાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના હસ્તે રાજપીપલા નવા ફળિયા ગણેશ ચોક ખાતે, દેડિયાપાડા ધારાસભ્ય શ્રી ચૈતરભાઈ વસાવાના હસ્તે દેડિયાપાડા આંગણવાડી કેન્દ્ર બોગજ ખાતે જ્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. જનક માઢકના હસ્તે રાજપીપલા વડીયા પ્રાથમિક શાળા ખાતેથી ‘‘પોલિયો રસીકરણ અભિયાન’’ નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વેળાએ નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખે જણાવ્યુ હતું કે, પોલિયો મુક્ત અભિયાન હેઠળ ગુજરાતના ૧૮ જિલ્લાઓ અને ૦૫ મહાનગર પાલિકામાં સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડેની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે નર્મદા જિલ્લાના બાળકોને પોલિયો ન થાય અને એમાંથી મુક્ત કરવા, નર્મદા જિલ્લામાં વિવિધ જગ્યાએ પોલિયો બુથ બનાવીને જિલ્લા અને અર્બન આરોગ્ય વિભાગ દ્વારા બાળકોને ઈમ્યુનાઈઝેશનની સરાહનીય કામગીરી કરવામાં આવી છે. જેમાં સ્થાનિક લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. જનક માઢકે



જણાવ્યું હતું કે, સબ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે નિમિત્તે જિલ્લાના દરેક આંગણવાડી અને શાળાઓ ખાતે ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોના બે ટીંપા પિવડાવવાનો કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ આરોગ્ય વિભાગ, આઈસીડીએસ સહિત સૌના સહકારથી જિલ્લામાં અન્ય તહેવારની જેમ ઉજવણી કરવામાં આવી રહી છે. કુલ ૬૦ હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવનાર છે. વધુમાં નર્મદા જિલ્લાના તમામ ૦ થી ૫ વર્ષનાં બાળકને નજીકનાં બૂથ પર જઈને પોલીયોનાં બે ટીપાં અવશ્ય પીવડાવવા પણ અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ દિવસે ૨૨૪ બુથ પર પોલિયોનાં ટીપાં પિવડાવવામાં આવ્યાં હતાં. તેમજ આ ઝુંબેશ દરમિયાન નર્મદા જિલ્લાનાં કુલ ૬૦૦૦૦ બાળકોને જિલ્લાનાં આરોગ્ય કર્મીઓ દ્વારા પોલીયોનાં બે ટીપા પિવડાવવામાં આવનાર છે. અને તા. ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ બાકી રહેલા બાળકોને આરોગ્ય-કર્મી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર, ફીમેલ હેલ્થ વર્કર, કોમ્યુનીટી હેલ્થ ઓફિસર, આશા બહેન, આશા ફેસીલીટેટર અને આંગણવાડીની બહેનોની ૪૫૦ ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને પોલિયોનાં બે ટીપા પીવડાવવામાં આવનાર છે.

# ૧૦ અને ૧૧ ડિસેમ્બરના રોજ રેલવે ક્રોસિંગ નં. 29 C (અહમદપુરા ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ રેલ્વે અમદાવાદ ડિવિઝનના નાંદોલ દહેગામ-રખિયાલ સેક્શનમાં સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર **29 C** (અહમદપુરા ફાટક) કિમી ૩૭૮/૯-૩૭૯/૦ તાત્કાલિક સમારકામ અને જાળવણી કાર્ય માટે ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યા થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૪ સાંજે ૧૯:૦૦ સુધી (૨ દિવસ) બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન અહમદપુરા રેલ્વે અંડરપાસ **(LHS)** નંબર ૨૪ ા અને નાંદોલ દહેગામ રેલ્વે ફાટક નંબર **28 B** થી મુસાફરી કરી શકે છે.

# સાંસદશ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં નર્મદા જિલ્લા દિશા કમિટીની બેઠક યોજાઈ



। (માહિતી) નર્મદા, તા.૯ ।

નર્મદા જિલ્લા ડિસ્ટ્રીક્ટ લેવલ કો-ઓર્ડિનેશન અન્ડ મોનિટરિંગ(દિશા) કમિટીની ત્રિમાસિક બેઠક ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે તા.૭મી ડિસેમ્બરને બપોરે ૩-૦૦ કલાકે મળી હતી. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી ભિમસિંહભાઈ તડવી, ધારાસભ્ય સર્વશ્રી ડો.દર્શનાબેન દેશમુખ અને શ્રી ચૈતરભાઈ વસાવા, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખશ્રી તથા દિશા કમિટીના આમંત્રિત સભ્યોશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને રચનાત્મક સૂચનો કર્યા હતા. દિશા કમિટીના બેઠકના પ્રારંભે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે.જાદવે પ્રારંભિક ભૂમિકા બાંધી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લામાં થયેલા વિકાસ કાર્યોનો ચિતાર અને સરકારશ્રીની યોજનાના ગ્રાઉડ લેવલ પર થયેલા કામોની વિગતો આપી હતી. યોજનાના અમલીકરણ અંગે વિગતો પ્રસ્તુત કરી હતી. ત્યારબાદ જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓને તેમના વિભાગો દ્વારા જિલ્લામાં ફાળવેલ લક્ષ્યાંક અનુસાર થયેલી કામગીરી તથા બાકી કામોની વિગતો અને નાણાંકીય ખર્ચની વિગતો અંગે અધ્યક્ષ અને સભ્યોને જાણકારી આપી હતી. આ દરમિયાન તબક્કાવાર તમામ યોજનાઓના અમલીકરણ સંદર્ભે ચૂંટાયેલા જનપ્રતિનિધિશ્રી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નો અંગેની પૂર્તતા અને પ્રગતિના કામો અને બાકી કામોના કારણો સહિત વિસ્તૃત માહિતી સંબંધિત વિભાગો દ્વારા બેઠકમાં આપવામાં આવી હતી. સાંસદશ્રી મનસુખભાઈ વસાવાએ બેઠકને સંબોધતા જણાવ્યું કે, દિશા કમિટીની બેઠક લોકોની સુખાકારી માટે ખૂબજ મહત્વની હોય છે. કારણકે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ બાબતમાં પોતે અંગત રસ લઈને ઝીણવટપૂર્વક વિકાસ કાર્યોની સમીક્ષા કરતા હોય છે, રાજ્યમાં અને દેશમાં જિલ્લાઓમાં ચાલી રહેલી કામગીરીનો ચિતાર જાતે મેળવતા હોય છે. જેથી જિલ્લામાં અમલી રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ પુરસ્કૃત યોજનાઓ તેની ગાઈડલાઈન મુજબ જમીની હકીકત પર સાચા અર્થમાં અમલીકરણ થાય, જરૂરિયાતમંદ યોગ્ય લાભાર્થી સુધી યોજનાના લાભો પહોંચે અને જનસુખાકારી વધે તે દિશામાં જિલ્લાના ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ સાંસદ અને વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ યોગ્ય માહિતી સાથે એક-મેકના સંકલનમાં રહીને પારદર્શી વહીવટમાં સહભાગી બને તેવી ખાસ અપીલ કરી હતી.

# સુરત જિલ્લાના મહેસૂલી અધિકારી તથા કર્મચારીઓનો મહેસૂલી રિફ્રેશર તાલીમ યોજાઈ

## નાગરિકો-અરજદારોને મહેસૂલી રજૂઆતો-સમસ્યાઓનું સરળતાથી નિવારણ થાય તે અંગે જરૂરી માર્ગદર્શન અપાયું

। (માહિતી) સુરત, તા.૯ ।

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના મહેસૂલી અધિકારી- કર્મચારીઓને મહેસુલી કાયદા અને પદ્ધતિઓની અદ્યતન જાણકારી મળી રહે, તેમની કાર્યક્ષમતામાં વધારો થાય તે માટે જિલ્લા કક્ષાએ સમયાંતરે મહેસૂલી રિફ્રેશર તાલીમ યોજવામાં આવે છે. જેના અનુસંધાને જિલ્લા કલેકટરશ્રી ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લાના મહેસુલ અધિકારી-કર્મચારીઓની રિફ્રેશર તાલીમ યોજાઈ હતી.

પીપલોદ સ્થિત શારદાયતન વિદ્યાલયના સભાગૃહમાં આયોજિત તાલીમમાં મહેસૂલી કાયદાઓનાં તજજ્ઞોએ દ્વારા વિવિધ કાયદાઓની સમજ આપી હતી. લોકહિતમાં રોજબરોજના મહેસૂલી, લોકલક્ષી કાર્યોમાં એકસૂત્રતા આવે, નાગરિકો-અરજદારોને સરળતાથી મહેસૂલી



કાર્યોનો ઉકેલ મળે, તેમની રજૂઆતો-સમસ્યાઓનું નિવારણ થાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તમામ અધિકારી કર્મચારીઓએ તજજ્ઞો સાથે સંવાદ કરી ઉદ્દભવતા પ્રશ્નોના જવાબો મેળવ્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી વિજય રબારી, તમામ પ્રાંત અધિકારીઓ, તમામ મામલતદાર તથા મહેસૂલ કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરીગામ બાયપાસ અને પુનાટ કાલય માર્ગનું રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

। (માહિતી) ગાંધીનગર, તા.૯ ।

સરીગામ બાયપાસ રોડ રૂપિયા ૧૦.૫૬ કરોડ અને પુનાટ કાલય માર્ગ રૂપિયા ૪.૮૧ કરોડના ખર્ચે તૈયાર થશે. બાયપાસના બિસ્માર રસ્તાથી પરેશાન લોકો અને વાહન ચાલકોને રાહત મળશે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે આજરોજ સરીગામ બાયપાસ અને સરીગામ ડુંગર પુનાટ કાલય માર્ગનું ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે લોકોની મોટી હાજરી જ બતાવે છે કે આ રસ્તાની કેટલી જરૂરિયાત હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઉમરગામ ભીલાડ રોડ પણ ખરાબ થઈ રહ્યો છે આ રસ્તો લાંબો સમય ટકે તે માટે તથા વરસાદને ધ્યાનમાં લઈ બંને બાજુ ગટર પણ બનાવવામાં આવી રહી છે. રોડ બનાવવાની સમય મર્યાદા ભલે નવ મહિના ની હોય પણ આ રસ્તો વહેલી તકે ચોમાસા પહેલા ૨૦ એપ્રિલ સુધીમાં બનાવવ માટે એજન્સીને અને અધિકારીને આ તબક્કે મંત્રીએ સૂચના આપી હતી.



સરીગામ જીઆઈડીસી ને જોડતો અતિ મહત્વનો ગણાતો સરીગામ બાયપાસ રોડ રૂપિયા ૧૦.૫૬ કરોડના ખર્ચે ૨.૪ કિ.મી તથા સરીગામ ડુંગર પુનાટ કાલય રોડ રૂપિયા ૪.૮૧ કરોડ ના ખર્ચે ૧૨ કિ.મી. નવો બનશે. આ કાર્યકર્મમાં તાલુકા પંચાયત પ્રમુખ લલીતાબેન દુમાડા, જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન ભરત જાધવ, જિલ્લા પંચાયતના સદસ્યો મુકેશ પટેલ, દીપક મિસ્ત્રી,એસ. આઈ. એ. ના પ્રમુખ નિર્મળ દુધાની, સેક્રેટરી કૌશિક પટેલ,માજી પ્રમુખ શિરીષ દેસાઈ સહિત મહાનુભાવો તથા માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ ના કાર્યપાલક ઈજનેર જતીન પટેલ, સરીગામ નોટીફાઇડના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# ડાંગ જિલ્લામાં યોજાયેલ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવમાં ત્રણ હજારથી વધુ ખેડૂતોએ ભાગ લીધો

## વઘઇ કૃષિ યુવિનર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો અને તાલુકાના પ્રગતિશિલ ખેડુતોએ વિવિધ વિષયો પર ખેડુતોને માર્ગદર્શન પુરૂં પાડ્યું

। (માહિતી) ડાંગ, તા.૯ ।

સમગ્ર રાજયમાં ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન અને સરકારશ્રીની ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની માહિતી પુરૂ પાડવાના હેતુથી બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ડાંગ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકા મથકે તારીખ ૬ અને ૭ ડિસેમ્બરના રોજ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ડાંગમા યોજાયેલ બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪મા આહવા તાલુકામાં કુલ ૧૦૭૧, વઘઈમા તાલુકામાં કુલ ૧૦૯૮ અને સુબીરમાં તાલુકામાં કુલ ૧૧૨૦ ખેડુતોએ ભાગ લીધો હતો.

આ મહોત્સવમાં વઘઇ કૃષિ યુનિવર્સીટીના કૃષિ વૈજ્ઞાનિકો, તેમજ દરેક તાલુકાના પ્રગતિશિલ ખેડુતોએ ટકાઉ ખેતી પધ્ધતિ, પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, મિશ્ર ખેતી, ખેતી પાકોના મૂલ્ય વર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો અને મિલેટ્સની



ખેતીને પ્રોત્સાહન જેવા વિષયો પર પોતાના અનુભવો સાથે ખેડૂતોને માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. સાથે જ ખેડૂતોએ પણ તેઓને મુંઝવતા પ્રશ્નોનું આદાન-પ્રદાન કરી જરૂરી માર્ગદર્શન નિષ્ણાંતો પાસેથી મેળવ્યું હતું.

રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નો મુખ્ય હેતુ ખેડૂતોમાં રવિ પાક માટેની નવી ટેકનોલોજી, પાક ઉત્પાદન અને સક્ષમ ખેતી પદ્ધતિઓ અંગે જાગૃતિ ફેલાવવા અને તેઓને માર્ગદર્શન પૂરૂં પાડવાનો છે. આ કાર્યક્રમમાં કૃષિ નિષ્ણાંતોએ રવિ પાક માટે યોગ્ય ખાતર, બિયારણ અને ખેતી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

# સુરતમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જિલ્લા વહીવટીતંત્ર અને આત્માના અધિકારીઓ સાથે પ્રાકૃતિક ખેતી સંદર્ભે સમીક્ષા બેઠક યોજી

। (માહિતી) સુરત, તા.૯ ।

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા સુરત જિલ્લા વહીવટીતંત્ર અને આત્માના અધિકારીઓ સાથે સર્કિટ હાઉસ ખાતે પ્રાકૃતિક ખેતી સંદર્ભે બેઠક યોજી જિલ્લામાં મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે એ માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જિલ્લામાં થયેલી પ્રાકૃતિક કૃષિ કામગી-રીની સમીક્ષા કરીને જરૂરી સૂચનો કરતા પ્રાકૃતિક ખેતીમાં થયેલી કામગીરીની સરાહના કરી હતી. જિલ્લા કલેકટર ડૉ. સૌરભ પારધી અને જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલની ઉપસ્થિતિમાં



રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ કરવા પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. તેમણે પ્રાકૃતિક કૃષિ સાથે દેશના ૧ કરોડ ખેડૂતોને જોડવા રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન શરૂ કરી આ મિશન માટે રૂ.૨૪૮૧ કરોડની ફાળવણી કરી છે. જેમાં ગુજરાતના કૃષિ મોડેલને રોલમોડેલ તરીકે નિર્દેશિત કરવામાં આવ્યું છે. દેશમાં પ્રાકૃતિક કૃષિના વ્યાપને વધારવાના તેમના આ સંકલ્પની સિદ્ધિ માટે રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિનું જનઅભિયાન ઉપાડ્યું છે. પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે ગુજરાત દેશનું નેતૃત્વ કરશે, ત્યારે આ ઝુંબેશમાં મહિલાઓની સહભાગિતા અતિ આવશ્યક હોવાનું તેમણે ઉમેર્યું હતું. જૈવિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચે જમીન આસમાનનું અંતર છે. દેશી ગાય વિના પ્રાકૃતિક કૃષિ અધુરી છે. જૈવિક ખેતી સદંતર નિષ્ફળ છે, જ્યારે પ્રાકૃતિક ખેતી ખેડૂતો માટે તારણહાર બની છે, એટલું જ નહીં, પ્રાકૃતિક ખેતીથી પર્યાવરણ અને સૂક્ષ્મ જીવાણુઓની રક્ષા થાય છે. હવા શુદ્ધ રહે છે અને જમીનની ફળદ્રુપતા, ઓર્ગેનિક કાર્બન વધે છે. ગાયમાતા અને ધરતીમાતાનું સંરક્ષણ થાય છે. રાજ્યપાલશ્રીએ આવનારી પેઢીને ઉપજાઉ જમીન વારસામાં આપવા પાણીની બચત, પર્યાવરણની રક્ષા, દેશી ગાયની રક્ષા, રોગમુક્ત સ્વસ્થ જીવન અને ખેતી-ખેડૂતના સર્વાંગી કલ્યાણ માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવા રાજ્યના ખેડૂતોમાં જાગૃતિ આવે તેવા પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારો મૂડ બદલવા માટે કોઈક સામજિક મેળાવડામાં હાજરી આપો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે અને તમારા પ્રિયપાત્ર બીજી તરફ હશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ભાગ્ય પર આધાર ન રાખો અને તમારૂં સ્વાસ્થ્ય સુધારવાના પ્રાયાસ કરો કેમ કે નસીબ એવી આળસું દેવી છે જે ક્યારેય તમારી પાસે નહીં આવે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડેલ બનાવવા માટે સખત મહેનત કરો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. જે લોકો તેમના પ્રેમી થી દૂર રહે છે તે આજે તેમના પ્રેમી ને યાદ કરી શકે છે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારા નિર્ણયોમાં માતા-પિતાની મદદ તમને ખૂબ કામમાં આવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉધમપુરમાં પોલીસે સાથીને ઠાર માર્યા બાદ આત્મહત્યા કરી લીધી

। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક પોલીસકર્મીએ કથિત રીતે AK-47 એસોલ્ટ રાઈફલથી તેના સાથીદારની ગોળી મારીને હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાત કર્યો હતો. અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું કે, જ્યારે આ ઘટના બની ત્યારે બે પોલીસકર્મી અન્ય એક સાથીદાર સાથે ઉત્તર કાશ્મીરના સોપોરથી સબસિડરી ટ્રેનિંગ સેન્ટર (STC) જમ્મુ ક્ષેત્રના તલવાડા તરફ જઈ રહ્યા હતા.મળતી માહિતી અનુસાર સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ ઉધમપુરના રેહેમબલ વિસ્તારમાં કાલી માતા મંદિર પાસે પોલીસ વાનમાં બે પોલીસકર્મીઓના મૃતદેહ પડેલા જોવા મળ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે હેડ કોન્સ્ટેબલે આત્મહત્યા કરતા પહેલા કોઈ વિવાદને પગલે સાથીદાર ડ્રાઈવર પર ગોળીબાર કર્યો હતો. એક સિલેક્શન ગ્રેડ કોન્સ્ટેબલ જે વાહનમાં મુસાફરી કરી રહ્યો હતો, તે સુરક્ષિત બચી ગયો હતો અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે.પોલીસે જણાવ્યું કે, આરોપીએ ફાયરિંગમાં AK-47 એસોલ્ટ રાઈફલનો ઉપયોગ કર્યો હતો. તેઓ સોપોરમાં પોસ્ટેડ હતા અને કાશ્મીરના હતા. પ્રાથમિક માહિતીને ટાંકીને અધિકારીએ જણાવ્યું હતું કે, આરોપીએ આત્મહત્યા કરતા પહેલા તેના સાથીદારની ગોળી મારી હત્યા કરી હતી. અગાઉ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આજે સવારે લગભગ ૬.૩૦ વાગ્યે પોલીસ સ્ટેશન રેહેમબલને માહિતી મળી હતી.

### સોરોસના ફંડિંગવાળી સંસ્થા સાથે સોનિયાનું કનેક્શન : ભાજપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ભારત વિરોધી અમેરિકન અબજોપતિ જ્યોર્જ સોરોસના મુદ્દે કોંગ્રેસ પર પ્રહાર આગળ ધપાવતા ભાજપે રવિવારે આક્ષેપ કર્યો હતો કે સોરોસનું ફાઉન્ડેશન જે સંસ્થાને નાણાં પૂરા પાડે છે સંસ્થા સાથે કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી જોડાણ ધરાવે છે. વળી આ આ સંસ્થા કાશ્મીરને ભારતથી અલગ એટલે કે સ્વતંત્ર દેશ બનાવવાની તરફેણ કરે છે. સોનિયા ગાંધીનું આ જોડાણ ભારતની આંતરિક બાબતોમાં વિદેશી તાકાતોનો પ્રભાવ દર્શાવે છે તેમ ભાજપે કહ્યું છે. ભાજપે દાવો કર્યો છે કે સોનિયા ગાંધી ફોરમ ઓફ ડેમોક્રેટિક લીડર્સ ઈન એશિયા પેસિફિક (FDL-AP)ફાઉન્ડેશનના સહ-અધ્યક્ષ છે અને સોરોસનું ફાઉન્ડેશન તેને ફંડિંગ કરે છે. FDL-AP ફાઉન્ડેશને કાશ્મીર અલગ દેશ બનાવવાની તરફેણ કરે છે. સોનિયા ગાંધીના વડપણ હેઠળના રાજીવ ગાંધી ફાઉન્ડેશને જ્યોર્જ સોરોસ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી હતી, જે ભારતીય સંસ્થાઓ પર વિદેશી ભંડોળનો પ્રભાવ દર્શાવે છે. ભાજપે જણાવ્યું હતું કે અદાણી મુદ્દે રાહુલ ગાંધીએ કરેલી પ્રેસ કોન્ફરન્સનું OCCRPએ જીવંત પ્રસારણ કર્યું હતું. રાહુલ ગાંધીએ આ સંગઠનની સામગ્રીને આધારે અદાણીની ટીકા કરી રહ્યાં છે. તે તેમના મજબૂત અને ખતરનાક સંબંધો સિવાય બીજું કંઈ જ દર્શાવતા નથી. તે ભારતીય અર્થતંત્રને પાટા પરથી ઉતારવાના તેમના પ્રયાસો પણ દર્શાવે છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે જ્યોર્જ સોરોસને તેમના જૂના મિત્ર તરીકે જાહેરમાં સ્વીકાર્યા છે.ભાજપે ટ્વીટર પર સંખ્યાબંધ ટ્વીટ કરીને કોંગ્રેસને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકા ભારતમાં અસ્થિરતા લાવવાના પ્રયાસોને સમર્થન આપતું હોવાના ભાજપને દાવાને અમેરિકાએ ફગાવી દીધો હોવા છતાં પક્ષના સાંસદ નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે તેઓ આ મુદ્દે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ૧૦ પ્રશ્નો પૂછતા રહેશે.

PCBને આપી દીધી ખાસ સૂચના

# ચેમ્પિયન્સ ટ્રોફીના વિવાદમાં પાકિસ્તાની વડાપ્રધાનની એન્ટ્રી



। (એજન્સી) લાહોર, તા.૯ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને લઈને સતત ઉથલપાથલ ચાલી રહી છે. ટૂર્નામેન્ટના આયોજનને લઈને સતત બેઠકો થઈ રહી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ નથી આવ્યો. આગામી વર્ષે ટૂર્નામેન્ટનું આયોજન પાકિસ્તાનમાં થવાનું છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ પાકિસ્તાન નથી જઈ રહી. BCCI હાઈબ્રિડ મોડલની માગ કરી રહ્યું છે. બીજી તરફ PCB પાકિસ્તાનમાં જ સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન કરવા માગે છે. આ સમગ્ર મામલે હવે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફની એન્ટ્રી થઈ ચૂકી છે.શહબાઝ શરીફે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસિન નકવીને આગામી વર્ષ ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાનીના મુદ્દે 'પૂર્ણ સમર્થન'નું આશ્વાસન આપ્યું છે. તેમણે ભારતના પાકિસ્તાનમાં મેગા ઈવેન્ટમાં રમવાના ઈન્કાર પર PCB અધ્યક્ષના વલણના વખાણ કર્યા. શરીફે કહ્યું કે, 'દેશને આ મુદ્દાનો સામનો કરતા સમયે પોતાનું આત્મ-સન્માન બનાવી રાખવું જોઈએ.' શરીફ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના સંરક્ષક પણ છે. નકવીને શરીફે જણાવ્યું હતું કે, 'બધુ પૈસા અંગે નહીં અને પાકિસ્તાનને પોતાના આત્મસન્માન અને ગૌરવને પણ ધ્યાનમાં રાખતા આ મામલે લડવું જોઈએ. પ્રજાની ભાવનાઓને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.' ICCના એક ટોચના સૂત્રના અનુસાર, રમત ગ્લોબલ ગવર્નિંગ બોર્ડ ચેમ્પિયન્સ ટ્રોફીને હાઈબ્રિડ મોડલમાં આયોજિત કરવા માટે સામાન્ય સહમતિ પર પહોંચી ચૂકી છે. ભારતને સિદ્ધાંતિક રીતે સહમત થતા પોતાના ભાગની મેચ દુબઈમાં રમવાની મંજૂરી મળી જશે. નકવીએ રવિવારે શરીફને પડદાં પાછળના ઘટનાક્રમ અંગે માહિતી આપી. નકવીએ કહ્યું કે, 'ભારતના પાકિસ્તાનમાં રમવાના ઈન્કાર બાદ જ્યારે ચેમ્પિયન્સ ટ્રોફીની વાત આવે છે તો PCB દ્વારા અપનાવવામાં આવેલું વલણ પાકિસ્તાનવાસીઓની ભાવનાઓને દર્શાવે છે.' સરકારના વધુ એક સૂત્રના જણાવ્યા અનુસાર, નકવીએ પાકિસ્તાનને આગામી નિર્ણય અંગે માહિતીગાર કરવા માટે સ્પષ્ટ રીતે ટુંકી સૂચના પર વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી, કારણ કે ભારતીય ક્રિકેટ બોર્ડ PCB દ્વારા ICCના નિર્ણય 'ફ્યૂઝન ફોર્મ્યૂલા'નો સ્વીકાર કરવા માટે તૈયાર નહતું.

વિદ્યાર્થીઓને પરત મોકલી તપાસ શરૂ

# દિલ્હીની ૪૦ શાળાઓને બોમ્બની ધમકીથી હડકંપ

### ફાયર વિભાગ તથા પોલીસની ટીમ શાળાઓમાં પહોંચી ગઈ છે અને પરિસરની તપાસ કરવામાં આવી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીમાં આજે (નવમી ડિસેમ્બર) વહેલી સવારે એક બાદ એક ૪૦થી વધુ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હડકંપ મચ્યો હતો. ધમકીભર્યા ઈમેલ મળ્યા બાદ સવારે શાળાએ આવતા તમામ વિદ્યાર્થીઓને ઘરે પરત મોકલવામાં આવ્યા હતા. સમગ્ર મામલે પોલીસ તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે. અહેવાલો અનુસાર, ફાયર વિભાગ તથા પોલીસની ટીમ શાળાઓમાં પહોંચી ગઈ અને અને પરિસરની તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં વિસ્ફોટકની કોઈ પુષ્ટિ મળી નથી. આવા ધમકીભર્યા ઈમેલ કોણ કરી રહ્યું છે તેને લઈને પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે જે ઈમેલ મોકલનારાએ ૩૦ હજાર ડોલરની માંગ પણ કરી હતી.દિલ્હીની બે અને હેદરાબાદની એક સહિત દેશભરની અનેક CRPF શાળાઓને ઈ-મેઈલ દ્વારા બોમ્બની ધમકીઓ મળી હોવાના એક મહિના કરતાં વધુ સમય પછી આ તાજેતરની ઘટના બની છે. તામિલનાડુની એક CRPF શાળાને ૨૧મી ઓક્ટોબરની રાત્રે ધમકી મળી હતી, ત્યારબાદ દેશની તમામ સંલગ્ન શાળાઓને એલર્ટ કરવામાં આવી હતી. જો કે આ ધમકી પોકળ સાબિત થઈ હતી. ૨૦મી ઓક્ટોબરે, દિલ્હીના રોહિણી વિસ્તારમાં CRPF સ્કૂલની દીવાલને એક શક્તિશાળી વિસ્ફોટથી હચમચાવી દેવામાં આવ્યો હતો, જેમાં નજીકની દુકાનો અને વાહનોને નુકસાન થયું હતું. જોકે, કોઈ જાનહાનિ કે ઈજાના થઈ નહતી.

ટીમે વાહન પર પાણી છાંટ્યું ત્યારે ધુમાડો નીકળવાનો બંધ થયો

# ઇ-સ્કૂટરમાંથી ધુમાડો નીકળતા જ બજાજ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી

### મહારાષ્ટ્રના સંભાજીનગરમાં ઇલેક્ટ્રિક સ્કૂટરમાંથી ધુમાડો નીકળવાનો વીડિયો વાયરલ થયો

। છત્રપતિ સંભાજીનગર, તા.૯ ।

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં એક ઈલેક્ટ્રિક સ્કૂટરમાંથી ધુમાડો નીકળતો હોવાનો વીડિયો વાયરલ થયો હતો. તેને પગલે ઈ-સ્કૂટર ઉત્પાદક બજાજ ઓટોએ કહ્યું હતું કે આ ઘટનાની તપાસ ચાલી રહી છે. જાલના રોડ પર ટ્રાફિક સિગ્નલ પર બજાજ ચેતક ઈલેક્ટ્રિક સ્કૂટરમાંથી ધુમાડો નીકળ્યો હતો. એક અધિકારીએ કહ્યું કે ધુમાડાને પગલે તરત ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતા તે પહોંચી હતી. વરવંડી ગામના બે ખેડૂત ભગવાન ચવ્હાણ અને રવીન્દ્ર ચવ્હાણ પાણીની પાઈપ ખરીદવા માટે છત્રપતિ સંભાજીનગર આવ્યા હતા. અધિકારીઓના કહેવા પ્રમાણે, જ્યારે એ સિગ્નલ પર રાહ જોઈ રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે ઈ-વ્હીકલમાંથી ધુમાડો નીકળી રહ્યો છે. વાહનને એક બાજુ લઈ જવામાં આવ્યું અને સેવન હિલ્સ ફાયર સ્ટેશનમાંથી ફાયર બ્રિગેડની ટીમ બોલાવવામાં આવી હતી. આ ટીમે વાહન પર પાણી છાંટ્યું અને ધુમાડો નીકળવાનો બંધ થયો હતો. આ મામલામાં બજાજ ઓટોના પ્રવક્તાએ કહ્યું કે, અમને ઘટનાની માહિતી મળી છે. બાબતની તપાસ કરાઈ રહી છે. હવે અ કંપનીની તપાસમાં શું કારણ આવે છે તેની રાહ જોઈ રહી છે. બીજી તરફ સંપર્ક સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડના અધિકારીઓએ કહ્યું કે અમને વાહન કઈ કંપનીનું છે તેની કોઈ જાણકારી નથી.એક પોલીસ અધિકારીએ કહ્યું કે, "અમારી પાસે ઘટનાનો કોઈ રેકોર્ડ નથી." ઉલ્લેખનીય છે કે બજાજ ઓટોના વડા રાજીવ બજાજે તાજેતરમાં કહ્યું હતું કે,"બજાજ ચેતક દેશમાં સૌથી વધુ વેચાતું ઈલેક્ટ્રિક સ્કૂટર છે,

## તેમને જે કરવું હોય કરે, મને મારા ખેલાડીની ચિંતા : પેટ કમિન્સ



। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

ઓસ્ટ્રેલીયાના એડિલેડમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે મોહમ્મદ સિરાજ અને ટ્રેવિસ હેડ વચ્ચે થયેલી બોલાચાલીનો પ્રસંગ ખૂબ ચર્ચામાં રહ્યો હતો. જો કે, ત્રીજા દિવસે સિરાજ અને હેડે ગેરસમજ દૂર કરી હતી. બાદમાં બંને ખેલાડી એકબીજાને ગળે પણ મળ્યા હતા. બંને વચ્ચેની બોલાચાલી અંગે ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સે પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'આ મામલામાં મારે હસ્તક્ષેપ કરવાની કોઈ જરૂર નથી. હેડ સિનિયર ખેલાડી છે, અને તે પોતાની વાત રાખી શકે છે.' હેડે આ ટેસ્ટમાં ૧૪૦ રનની ઈનિંગ રમી હતી. જે મેચના પરિણામમાં નિર્ણાયક રહી હતી. આ સાથે ઓસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટે જીત મેળવી સીરિઝમાં બરાબરી કરી લીધી છે.કમિન્સે મેચ બાદ પત્રકારોને કહ્યું હતું કે, 'ટ્રેવિસ હેડ ટીમનો વાઈસ-કેપ્ટન છે, તે એક પરિપક્વ વ્યક્તિ છે. અને તેની ભૂમિકા મોટી છે. તે પોતાના વિશે વાત કરી શકે છે. અમે કોઈપણ નિર્ણય અમારા ખેલાડીઓ પર છોડી દઈએ છીએ. જો ક્યારેય કેપ્ટન તરીકે મને હસ્તક્ષેપ કરવાની જરૂર પડશે તો હું કરીશ પરંતુ મારી ટીમમાં મને ક્યારેય લાગ્યું નથી કે મારે આવું કરવાની જરૂર છે. આ એક મોટી સીરિઝ છે. અમ્પાયરોએ તરત જ હસ્તક્ષેપ કર્યો અને વિવાદ ત્યાં જ ખતમ થઈ ગયો. તેમણે જે કરવું હોય તે કરે હું મારા ખેલાડીઓ વિશે વધુ ચિંતિત છું. દર અઠવાડિયેની જેમ આ અઠવાડિયે પણ અમારા ખેલાડીઓનું વર્તન ઘણું સારું રહ્યું હતું.'સિરાજ સાથેની બોલાચાલી અંગે બીજા દિવસની રમત બાદ હેડે કહ્યું હતું કે, 'મેં તેને કહ્યું હતું કે તે સારી બોલિંગ કરી છે. પણ તેણે કંઈક બીજું જ વિચારી લીધું હતું, અને તેણે મને બહાર જવા ઈશારો કર્યો. છેલ્લી કેટલીક ઈનિંગ્સમાં જે કઈ થયું તેનાથી હું થોડો નિરાશ છું.'જો કે સિરાજે પ્રતિક્રિયા આપતા હેડને જૂઠો ગણાવ્યો હતો. તેણે કહ્યું હતું કે, 'તમે ટીવી પર જોઈ શકો છે કે તેણે મને ખરેખર શું કહ્યું. તેને આઉટ કર્યાની ઉજવણી કરવાની મેં શરૂઆત કરી ત્યારે તેણે મને કંઈક કહ્યું હતું.

ભારતીય સુરક્ષા એજન્સીઓ વધુ સચેત થઈ

# ભારતીય જેલોમાં આતંકીઓને મેસેજ પહોંચાડવા ISIનો પેંતરો

### નશાની લત કે માનસિક રીતે પાગલ લોકોને ભારતમાં ઘૂસાડવાનું આઈએસઆઈનું ખતરનાક કાવતરું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈએ ભારતની જેલમાં કેદ પોતાના ખતરનાક આતંકવાદીઓ સુધી મેસેજ પહોંચાડવા માટે એક નવો પેંતરો અજમાવ્યો છે. આ માટે આઈએસઆઈએ નશાની આદત ધરાવતા કે માનસિક રીતે પાગલ લોકોને ભારતમાં ઘુસાડ્યા અને આ લોકોએ દેશની જેલોમાં કેદ કટ્ટર આતંકવાદીઓ સુધી મેસેજ પહોંચાડવાનું કામ કર્યું છે.

અધિકારીઓના કહેવા મુજબ, આ વર્ષે જુલાઈથી હમણાં સુધી ૧૦થી વધુ આવા મામલા સામે આવ્યા છે, જેમાં પાકિસ્તાની નાગરિક પોતાના દેશ અને પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીરમાંથી ભારત ઘુસ્યા છે. એમાંથી કેટલાય જમ્મુ, પંજાબ અને રાજસ્થાનની જેલોમાં મોકલાયા છે. અધિકારીઓએ વધુમાં જણાવ્યું કે, સુરક્ષા એજન્સીઓને શંકા છે કે આ લોકો આઈએસઆઈના સંદેશવાહક (મેસેન્જર) છે, જેમને જેલમાં કેદ આતંકવાદીઓ સુધી મહત્વ પૂર્ણ મેસેજ પહોંચાડવાનું કામ સોંપ્યું છે. આ લોકોની પૂછપરછ દરમિયાન ભારતીય સુરક્ષા એજન્સીઓને જાણવા મળ્યું કે તેમને સુરક્ષા કર્મીઓ દ્વારા પૂછપરછનો સામનો કરવા માટે ટ્રેનિંગ આપવામાં આવી છે. પકડાયેલા પાકિસ્તાનના લોકોના વ્યવહાર-વર્તણૂક શંકા પેદા કરનારી છે. આ દર્શાવે છે કે તેમને પાયાની જાણકારી અને ગોળગોળ જવાબો તેમની ઘુષણખોરીની પાછળ સંભવિત મોટા એજન્ડાનો સંકેત આપે છે. અધિકારીઓએ જણાવ્યું કે મોબાઈલ ફોન અને ઈન્ટરનેટના ઉપયોગથી ઈલેક્ટ્રોનિક ફૂટપ્રિન્ટ રહી જાય છે, જે સરહદ પાર સક્રિય સરકારી અને બિન-સરકારી બંને પ્રકારના ષડયંત્રકર્તાઓની યોજનાનો પર્દાફાશ કરી શકે છે. પરિણામ સ્વરૂપ, આઈએસઆઈએ આ નવી તરકીબ અપનાવી છે. કથિત રીતે ઘુષણખોરીની રણનીતિમાં મહિલાઓ અને સગીર સામેલ છે, જે કૂરિયરના રુપમાં કામ કરી શકે છે. જુલાઈમાં એક નોંધનીય ઘટનામાં, પાકિસ્તાનના એક સગીરને પંજાબમાં રોકવામાં આવ્યો હતો. અધિકારીઓએ કહ્યુ કે, તપાસ દરમિયાન, સુરક્ષા કર્મીઓને અરબીમાં લખેલો એક કાગળ મળી આવ્યો. જોકે, આ કાગળ વાંચી શકાતો ન હતો. આઈએસઆઈની ઘુષણખોરીની રણનીતિને ડ્રગ તસ્કરીના નેટવર્ક સાથે જોડવામાં આવી છે. રાજસ્થાનના બિજર્નીર ગામમાં એક મામલો સામે આવ્યો, જેમાં માનસિક રોગીનો દેખાવ કરનાર એક પાકિસ્તાની નાગરિકની ઊંડાણપૂર્વક પૂછપરછ કરવામાં આવી, તો તેણે બધા રહસ્યો ખોલી દીધા હતા. આ પાકિસ્તાની નાગરિકે સુરક્ષા એજન્સીઓ સામે કબૂલાત કરી કે પાકિસ્તાનના બે ડ્રગ માફિયા સરફરાજ જોહિયા અને નવાજે ભારતમાં ડ્રગ્સ સહિત નશીલા પદાર્થોની હેરાફેરીને વધારવા અને બીએસએફના જવાનોની તૈનાતી અંગેની જાણકારી એકત્ર કરવા માટે તેને કામ પર રાખ્યો હતો. તાજેતરમાં એક અન્ય ઘટનામાં, લાહૌરથી મોહમ્મદ અસદ નામનો એક પાકિસ્તાની યુવક પોતાની બાઈક લઈને ઝીરો લાઈન પર પહોંચી ગયો અને બીએસએફ પોતાની ધરપકડ કરે તેની રાહ જોવા માંડ્યો. પૂછપરછ દરમિયાન તેણે દાવો કર્યો કે તેની ગર્લફ્રેન્ડને લઈને પોતાના પરિવારમાં વિવાદ પેદા થયો હતો.

ઇમ્ફાલમાં અપહરણનો પ્રયાસ નિષ્ફળ

# મણિપુરમાં હજુ પરિસ્થિતિ તણાવપૂર્ણ, કેન્દ્રએ વધુ પાંચ હજાર જવાન રવાના કર્યા

। (એજન્સી) ઇમ્ફાલ, તા.૯ ।

હિંસાગ્રસ્ત મણિપુરમાં સ્થિતિ કાબુમાં નથી આવી રહી, એવામાં કેન્દ્ર સરકારે કેન્દ્રિય દળોના વધુ પાંચ હજાર જવાનોને રવાના કર્યા છે. ઈમ્ફાલ જિલ્લામાં સુરક્ષાદળો અને ઉગ્રવાદીઓ વચ્ચે એક કલાક સુધી ગોળીબાર થયો હતો. મે મહિનાથી ચાલી રહેલી હિંસામાં ૨૫૦થી વધુનો ભોગ લેવાયો છે. હિંસા, કરફ્યૂ અને ઈન્ટરનેટ સસ્પેન્ડ રખાતા રાજ્યના વિદ્યાર્થીઓના ભવિષ્ય પર માઠી અસર પહોંચી રહી છે.૧૧ નવેમ્બરના રોજ મણિપુરના ઝિરીબામ જિલ્લામાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યા ગયેલા ૧૧ કૂકી ઉગ્રવાદીઓના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે રવિવારે ઈમ્ફાલના થાંગડ બાઝાર વિસ્તારમાં બે લોકોના અપહરણનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો હતો, સુરક્ષાદળોએ આ બન્ને લોકોને રેસ્ક્યૂ કરી લીધા હતા જ્યારે પ્રતિબંધિત કાંગલેઈપક કોમ્યુનિસ્ટ પાર્ટીના ચાર ઉગ્રવાદીની ધરપકડ કરવામાં આવી હતી. જેની પાસેથી ૭ એમએમની પિસ્તોલ અને સાત કારતૂસ અને એક વાહન જપ્ત કરવામાં આવ્યું હતું. નવ જિલ્લામાં ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરાઈ હતી, જેને નવમી તારીખ સુધી લંબાવવામાં આવી છે. ઈમ્ફાલ અને આસપાસના જિલ્લાઓમાં હિંસા અને ઉગ્રવાદીઓના હુમલાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સૌથી પહેલા ૧૬ નવેમ્બરના રોજ ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરાઈ હતી. ૧૯મી નવેમ્બરના રોજ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય પરત લેવાયો હતો.

## વિશેષ

માનવાધિકાર દિવસની ઉજવણી પછી 'માનસિક સ્વાસ્થ્યઃ કક્ષાથી કાર્યસ્થળ સુધી તણાવને નેવિગેટ કરવા' પર એક દિવસીય નેશનલ કોન્ફરન્સ યોજાશે

# રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે વિજ્ઞાન ભવનમાં ઉજવવામાં આવતા માનવ અધિકાર દિવસ પર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે

। (પીઆઈબી) નવી દિલ્હી, તા.૯ ।

માનવ અધિકાર દિવસ દર વર્ષે ૧૦ ડિસેમ્બરના રોજ યુનિવર્સલ ડેક્લેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ (યુડીએચઆર)ની ઉજવણી કરવા માટે ઉજવવામાં આવે છે, જેને ૧૯૪૮માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો અને જાહેર કરવામાં આવ્યો હતો. યુ.ડી.એચ.આર. માનવાધિકારોના રક્ષણ અને પ્રમોશન માટે વૈશ્વિક બેંચમાર્ક તરીકે સેવા આપે છે. ભારતનું રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (એનએચઆરસી) માનવ અધિકાર દિવસને દુનિયાભરના વિવિધ હિતધારકો માટે તેમની કામગીરી અને જવાબદારીઓ પર ચિંતન કરવાની તક તરીકે જુએ છે, જેથી તેઓ માનવાધિકારોના ઉલ્લંઘનમાં યોગદાન ન આપે તેની ખાતરી કરી શકાય.

યુ.ડી.એચ.આર. એ સિદ્ધાંતને મૂર્તિમંત કરે છે કે તમામ માનવીઓ મુક્ત અને સમાન જન્મે છે, જેમાં જીવન, સ્વતંત્રતા અને સલામતીનો અધિકાર છે, કાયદા સમક્ષ સમાનતા, અને વિચાર, અંતરાત્મા, ધર્મ, અભિપ્રાય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. આ સિદ્ધાંતનું પ્રતિબિંબ ભારતના બંધારણ અને માનવ અધિકાર સંરક્ષણ ધારા (પીએચઆરએ), ૧૯૯૩માં પણ જોવા મળે છે, જેણે ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ ભારતના રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (એનએચઆરસી)ની સ્થાપના માટે કાયદાકીય માળખું પૂરું પાડ્યું હતું.

૧૦મી ડિસેમ્બર, ૨૦૨૪ રોજ માનવ અધિકાર દિવસ નિમિત્તે, એનએચઆરસી નવી દિલ્હીના વિજ્ઞાન ભવનના પૂર્ણ હોલમાં એક કાર્યક્રમનું આયોજન કરી રહી છે. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે એનએચઆરસી, ભારતનાં કાર્યકારી અધ્યક્ષ શ્રીમતી વિજયા ભારતી સયાની, મહાસચિવ શ્રી ભરત લાલ તેમજ વરિષ્ઠ અધિકારીઓ, વૈધાનિક પંચનાં સભ્યો, એસએચઆરસી, રાજદ્વારીઓ, નાગરિક સમાજ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ પછી 'માનસિક સુખાકારીઃ વર્ગખંડથી



કાર્યસ્થળ સુધી તણાવને નેવિગેટ કરવા' વિષય પર નેશનલ કોન્ફરન્સ યોજાશે. આ ત્રણ સત્રોમાં 'બાળકો અને કિશોરોમાં તણાવ', 'ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં માનસિક સ્વાસ્થ્યના પડકારો', અને 'કાર્યસ્થળો પર તણાવ અને બળતરા'નો સમાવેશ થાય છે. આ પરિષદનો ઉદ્દેશ જીવનના વિવિધ તબક્કે તણાવની મનોવૈજ્ઞાનિક અસરોનું અન્વેષણ કરવાનો છે - શિક્ષણથી લઈને રોજગાર સુધી અને વિવિધ ક્ષેત્રોમાં માનસિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે ભલામણો સૂચવવાનો છે.

આ વર્ષના માનવ અધિકાર દિવસનો વિષય "અમારા અધિકારો, આપણું ભવિષ્ય, રાઈટ નાઉ" એ બાબત પર ભાર મૂકે છે કે માનવ અધિકારો માત્ર મહત્ત્વાકાંક્ષી જ નથી, પરંતુ વ્યક્તિઓ અને સમુદાયોને વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવા માટે સશક્ત બનાવવા માટેનું એક વ્યવહારુ સાધન પણ છે. માનવ અધિકારોની પરિવર્તનકારી સંભવિતતાને અપનાવવાથી વધારે શાંતિપૂર્ણ, ન્યાયપૂર્ણ અને સ્થાયી વિશ્વનું નિર્માણ કરવામાં મદદ મળી શકે છે. હવે સમય આવી ગયો છે કે માનવીય ગૌરવના મૂળમાં રહેલા ભવિષ્ય માટે વૈશ્વિક કાર્યવાહીને નવીકરણ આપવામાં આવે. કમિશને નાગરિક અને રાજકીય બંને અધિકારો તેમજ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોના રક્ષણની ખાતરી કરવા માટે સતત કામ કર્યું છે. તેણે સરકારી નીતિઓ અને કાર્યક્રમોમાં માનવાધિકાર-કેન્દ્રિત અભિગમને મુખ્ય પ્રવાહમાં લાવવામાં, અને વિવિધ પહેલો દ્વારા જાહેર સત્તાવાળાઓ અને નાગરિક સમાજમાં જાગૃતિ લાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મંચો પર માનવાધિકારોની ચર્ચાઓને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે અને નાગરિક સમાજ, એનજીઓ, માનવાધિકારોના રક્ષકો, નિષ્ણાતો, વૈધાનિક આયોગના સભ્યો, રાજ્ય માનવાધિકાર પંચો અને સરકારી અધિકારીઓ સાથે સંવાદમાં જોડાય છે.

એનએચઆરસી, ભારત દ્વારા ૧૨ ઓક્ટોબર, ૧૯૯૩થી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ સુધી અસંખ્ય સ્પોટ ઈન્વેસ્ટિગેશન્સ, ઓપન હિયરિંગ અને કેમ્પ મીટિંગ્સ હાથ ધરવામાં આવી છે. ત્રણ દાયકાથી વધુ સમય દરમિયાન તેણે કુલ ૨૩,૧૪,૭૯૪ કેસ નોંધ્યા હતા અને સુઓ મોટુ સંજ્ઞાન પર આધારિત ૨,૮૮૦ કેસો સહિત ૨૩,૦૭,૫૮૭ કેસોનો નિકાલ કર્યો હતો, જેમાં માનવાધિકાર ઉલ્લંઘનના પીડિતોને નાણાકીય રાહત તરીકે આશરે રૂ. ૨૫૬.૫૭ લાખની ભલામણ કરવામાં આવી હતી.

# જંત્રીમાં કરાયેલા વધારાની સામે રાજ્યભરની બિલ્ડર લોબી દ્વારા વિરોધ

## આ વધારા સામે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને મૌન રેલી યોજી, જેમાં મોટી સંખ્યામાં બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ, શ્રમિકો, ડેવલપર્સ સહિતના જોડાયા

| (એજન્સી) રાજકોટ, તા.૯ |

જંત્રીના સૂધારેલા સૂચિત દરોનો જો અમલ થશે તો કોઈપણ મધ્યમ વર્ગિય પરિવાર ઘરનું ઘર ખરીદી શકશે નહીં. કારણ કે સરકારે ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધી વધારો સૂચવ્યો છે. જેની સામે બિલ્ડરો જ નહીં સામાન્ય જનતાએ વાંધો ઉઠાવ્યો છે. આ વધારા સામે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને મૌન રેલી યોજી, જેમા મોટી સંખ્યામાં બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટર્સ, શ્રમિકો, ડેવલપર્સ સહિતના જોડાયા હતા. રાજ્યમાં જંત્રીના સુધારેલા સૂચિત દરો સામે રાજ્યભરની બિલ્ડર લોબીમાં વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં બિલ્ડર એસોસિએશન દ્વારા મૌન કી બાત નામથી મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. સરકારે જંત્રીમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકા સુધીનો વધારો સૂચવ્યો છે. જેની સામે બિલ્ડરો જ નહીં સામાન્ય જનતાએ પણ વાંધો ઉઠાવ્યો છે. આ વધારાને બિલ્ડર





લોબી અસહ્ય ગણાવી રહ્યા છે. આજે મૌન રેલી કાઢીને બિલ્ડર એસોસિએશન કલેક્ટરને આવેદન પત્ર આપી વિરોધ દર્શાવશે. આ 'મૌન કી બાત' નામથી આયોજિત મૌન રેલીમાં બિલ્ડર્સ સહિત કોન્ટ્રાક્ટર્સ, મજૂરો, બિલ્ડીંગ મટિરિયલ્સ વેપારી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા છે. મૌન રેલી કાઢીને બિલ્ડર એસોસિએશનના સભ્યો જિલ્લા કલેક્ટરની કચેરીએ પહોંચ્યા હતા. અને તેમને આવેદન પત્ર પાઠવ્યું હતું. અને આ અંગે સત્વરે કોઈ પગલા લેવામાં આવે તેવી માંગ કરી હતી. ત્યારે જિલ્લા કલેક્ટરનું કહેવું છે કે અત્યાર સુધીમાં દોઢસો વધુ વાંધા અરજી મળી ચૂકી છે. વાંધા સૂચનો તપાસવા એક કમિટીની રચના કરવામાં આવી છે. જે હાલ આ અંગે ઉંડાણ પૂર્વક તપાસ કરી રહી છે. એટલું જ નહીંપ ઓનલાઈનની સાથેપ હવે ઓફલાઈન અરજી પણ સ્વીકારવામાં આવી રહી છે. કેમ થઈ રહ્યો છે વિરોધ ૧૫મી એપ્રિલથી ૨૦૨૩થી જંત્રીના દરો અમલી બનાવ્યા છે તેમા જ બમણો વધારો કરાયો છે. ત્યારે સુધારેલા દરોથી હાલત વધારે કફોડી બની જશે. સરકારના હાલ સુધારેલા સૂચિત દરોથી રિયલ એસ્ટેટ સેક્ટરને બ્રેક લાગી જશે. મકાનોની કિંમતમાં તોતિંગ વધારો થશે. એકસાથે જંત્રીમાં આટલો વધારો કોઈ રીતે સ્વીકાર્ય ન હોઈ શકે.આ વધારાથી રાજ્યભરના ૧૦ ટકા ડેવલપર્સ પ્રભાવિત થશે. ૯૦ ખેડૂતો પણ હાલાકીમાં મુકાઈ શકે છે. મકાનોની કિંમતોમાં ૩૦ થી ૪૦ ટકા મોંઘા થઈ શકે છે. રાજકોટમાં સર્જાયેલા ગોજારા ઈ અગ્નિકાંડ બાદ શહેરના રિયલ એસ્ટેટ માર્કેટને જાણે ગ્રહણ લાગી ગયુ હોય તેવો ઘાટ તો પહેલેથી જ જોવા મળી રહ્યો છે. તેમાં જંત્રીના સૂચિત ભાવ વધારાને પગલે ''પડ્યા પર પાટું'' જેવી સ્થિતિ છે. એક તરફ પ્લાન પાસ કરાવવાને લઈને બિલ્ડરો હેરાન પરેશાન પહેલેથી જ હતા. તેની સાથે હવે સૂચિત જંત્રીના ભાવમાં ૨૦૦ થી ૨૦૦૦ ટકાનો વધારો કરાયો છે. જેને લઈને પણ બિલ્ડર્સમાં ભારે નારાજગી છે.

**ન્યૂઝ બ્રિફ**

### અમદાવાદમાં બેંક મેનેજર અને ગ્રાહક વચ્ચે મારામારી

| (એજન્સી) અમદાવાદ, તા.૯ |

ગુજરાતના અમદાવાદના વસ્ત્રાપુરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે જેમાં બેંક મેનેજર અને ગ્રાહક જબરદસ્ત લડાઈ થઈ હતી. આ ઘટના ૨ દિવસ પહેલાની છે. જે યુનિયન બેંક કર્મચારી અને ગ્રાહક વચ્ચે ફિક્સ્ડ ડિપોઝિટ પર વધેલા ટેક્સને લઈને મારા મારી થઈ ગઈ હતી. બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી લડાઈમાં ફેરવાઈ જતા વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. ઘટનાના એક વીડિયોમાં બંને એકબીજાના કોલર પકડેલા જોવા મળે છે. ગ્રાહક આ સમયગાળા દરમિયાન બેંક મેનેજરને થપ્પડ પણ મારે છે. બેંકના અન્ય કર્મચારીઓ બચાવમાં આવે છે. મળતી માહિતી મુજબ ટીડીએસ કપાત અને રિફંડ પ્રક્રિયા વિશે પૂછપરછ કરતા સમયે બોલાચાલી થઈ હતી. આ વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. સમગ્ર મામલે પોલીસે તે પહોંચી મામલો થાળે પાડ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

### વટવા GIDCમાં લાગી વિકરાળ આગ લાગતા ભયનો માહોલ છવાયો

| (એજન્સી) અમદાવાદ, તા.૯ |

અમદાવાદના વટવા GIDCમાં લાગી વિકરાળ આગ લાગતા ભયનો માહોલ છવાયો હતો. વટવા GIDCમાં ફેઝ-૧માં આવેલ રોયલ કેમિકલ કંપનીમાં આગની આ ઘટના બની હતી. આ અંગે તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જેને પગલે ફાયરબ્રિગેડની ૧૧ ગાડીઓ ઘટનાસ્થળે આવી પહોંચી હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. તે સિવાય પોલીસનો મોટો કાફલો GIDCમાં ઉતારી દેવામાં આવ્યો હતો. બીજીતરફ કંપનીમાં સોલવન્ટનો જથ્થો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. આગની આ ઘટનાને પગલે આજુબાજુની ફેક્ટરીઓ બંધ કરાવવામાં આવી હતી. આ આગને પગલે ફાયર વિભાગ દ્વારા મેજર કોલ જાહેર કરવામાં આવ્યો હતો.

## 40 NCC કેડેટ્સની સાબરમતી ગાંધી આશ્રમથી દાંડી સુધી ૪૧૦ કિ.મી.ની પદયાત્રા માટે રાજ્યપાલે શુભેચ્છાઓ પાઠવી









રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પદયાત્રામાં જોડાઈ રહેલા NCC કેડેટ્સ સાથે પ્રેરણાત્મક સંવાદ કર્યો હતો.

### વરઘોડામાં ફાયરિંગ દુર્ઘટના બની

## ડિંડોલીના વરઘોડામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરાતા અફરાતફરી સર્જાઇ

### ભાગદોડમાં કેટલાક લોકોને ઇજા પંહોચી હોવાનું સામે આવ્યું ફાયરિંગ દુર્ઘટનાને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે

| (એજન્સી) સુરત,તા.૯ |

સુરતમાં લગ્નના વરઘોડામાં ફાયરિંગ દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે. ડિંડોલીના વરઘોડામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરાતા અફરાતફરીનો માહોલ સર્જાયો. ડરના માર્યા લોકો નાસભાગ કરવા લાગ્યા. આ ભાગદોડમાં કેટલાક લોકોને ઈજા પંહોચી હોવાનું સામે આવ્યું. ફાયરિંગ દુર્ઘટનાને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ સુરતના ડિંડોલીમાં એક લગ્નના વરઘોડો જઈ રહ્યો હતો ત્યારે ફાયરિંગની ઘટના બની. વરઘોડા દરમ્યાન ત્રણ રાઉન્ડ ફાયરિંગ થતા લોકોમાં દોડધામ મચી હતી. આ ફાયરિંગમાં બે લોકોને ગંભીર ઈજા પંહોચી હતી. પોલીસે આ દુર્ઘટનાને લઈને આસપાસ વિસ્તારના સીસીટીવી ચેક કર્યા. જેમાં સામે આવ્યું કે કેક શોપના માલિક ઉમેશ તિવારી દ્વારા આ ફાયરિંગ કરવામાં આવ્યું. જો કે ઉમેશ તિવારીએ લાયસન્સવાળી બંદૂકથી ફાયરિંગ કર્યું હતું.પરંતુ જ્યારે લગ્નનો વરઘોડો પસાર થઈ રહ્યો હતો ત્યારે કેક શોપના માલિક દ્વારા અચાનક ફાયરિંગ કરાતા બે લોકોને ગંભીર ઈજા પંહોચી હતી. આ ઘટનાની તપાસમાં પોલીસને માહિતી મળી કે લગ્ન પ્રસંગની ધામધૂમથી ઉજવણી થઈ રહી હતી. આ પ્રસંગમાં સામેલ કેક શોપના માલિક ઉમેશ તિવારીએ ખુશ થઈ પોતાની લાયસન્સવાળી બંદૂકથી હવામાં ફાયરિંગ કર્યું હતું. પરંતુ આ દરમ્યાન તેમના હાથનું બેલેન્સ ખસી ગયું અને મિસ ફાયર થયું. પોલીસે આ ઘટનાને લઈને હાલમાં પ્રાથમિક તપાસ હાથ ધરી છે. જો કે કેક શોપના માલિક ઉમેશ તિવારીનું લાયસન્સ રદ થશે કે પછી તેમની ધરપકડ કરાશે.

**ચાર વર્ષે શરૂ થયો વન-વે ફ્લાયઓવર**

## જીતુ વાઘાણીએ અડધા બ્રિજનું કર્યું ઉદ્‌ઘાટન

| (એજન્સી) ભાવનગર, તા.૯ |

ભાવનગર શહેરમાં તૈયાર કરવામાં આવી રહેલા પહેલા ફલાયઓવરનું ૨૦૧૯માં ખાતમુહૂર્ત કરાયું હતું. જ્યારે ચાર વર્ષ બાદ આજે સોમવારે આ ફલાયઓવરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ ફલાયઓવરનું નિર્ણામ રૂ.૧૧૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે, ત્યારે આટલા વર્ષો બાદ ફલાયઓવરનું 'વન-વે' એટલે કે અડધા બ્રિજનું ઉદ્ઘાટન કરાયું છે, જેમાં દેસાઈનગરથી ઈ સુધીનો ફલાયઓવર શરૂ કરવામાં આવ્યો છે. ફલાયઓવરના ઉદ્ઘાટન દરમિયાન ધારાસભ્ય જીતુ વાઘાણી સહિતના આગેવાનોએ હેલ્મેટ ન પહેરીને ટ્રાફિકના નિયમનો ભંગ કર્યો હતો. વિજય રૂપાણીની સરકારે વખતે ભાવનગરના પહેલા ફલાયઓવરને તૈયાર કરવા માટે રૂ.૧૧૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જ્યારે આજે સોમવારે ભાવનગરના પ્રથમ ફલાયઓવરની 'વન-વે'નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ અડધા ફલાયઓવરના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય જીતુ વાઘાણી, ધારાસભ્ય સેજલ બહેન પંડ્યા, ભાવનગર મેયર સહિત ભાજપના આગેવાનોએ આ ફલાયઓવર પર બાઈક ચલાવીને ઓપનિંગ કર્યું હતું.

### નાગરિકોને તેમની જાગરૂક્તા અંગે પ્રમાણપત્રો આપી સન્માનિત કર્યા

## ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય લાંચ રૂશ્વત વિરોધી દિવસ યોજાયો

| (એજન્સી) ગાંધીનગર, તા.૯ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરપ્શન વિરુદ્ધની લડાઈમાં દ્રઢ મનોબળ અને મજબૂતી સાથે આગળ વધવાનું આહવાન કર્યું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ભ્રષ્ટાચારમાં બે શબ્દો છે ભ્રષ્ટ અને આચાર જ્યારે કોઈ વ્યક્તિ પોતાના હક્કની બહારનું અને જરૂરિયાત કરતા વધારાનું મેળવવાના શોર્ટકટ શોધે ત્યારે નૈતિકતા ગુમાવે છે અને ભ્રષ્ટાચારને પોષે છે.આપણે આ જે વાતાવરણ બન્યું છે તેને તોડવું પડશે અને મજબૂતીથી મક્કમ નિર્ધારથી ભ્રષ્ટાચાર સામેની લડાઈ તેજ બનાવવી પડશે. મુખ્યમંત્રી આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસે ગાંધીનગરમાં રાજ્ય સરકારના લાંચરુશ્વતવિરોધીબ્યુરોદ્વારાઆયોજિત કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. ભ્રષ્ટાચાર – લાંચરુશ્વતની બદી સામે અવાજ ઉઠાવીને ભ્રષ્ટાચાર આચરનારા રુશ્વત માંગનારા અધિકારીઓ – કર્મચારીઓને જબ્બે કરવામાં ACBને સહાયક બનેલા સામાન્ય નાગરિકો એવા ૧૦ જેટલા ફરિયાદીઓનું CARE અંતર્ગત સન્માન પણ મુખ્યમંત્રીએ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી અને મુખ્ય સચિવ રાજકુમારની ઉપસ્થિતિમાં કર્યું હતું.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં સામાન્ય માનવીની ભાગીદારી જોડવા આપેલી પ્રેરણા અનુસાર એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ૨૦૨૪થી આ CARE પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.

ભ્રષ્ટાચાર વિરુદ્ધ ફરિયાદ આપનારા ફરિયાદીને કોઈ હેરાનગતિ ન થાય તે માટે યોગ્ય સુરક્ષા, સહાયતા પૂરી પાડવા સાથે ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરી વિગતો, સૂચનો મેળવીને તેની રજૂઆતોના અનુસંધાને નિવારણ પણ લાવવામાં આવે છે. આ CARE પ્રોગ્રામ અન્વયે ૧૮૬૪ ફરિયાદીનો રૂબરૂ સંપર્ક કરવામાં આવ્યો છે.

### લગ્ન પ્રસંગમાં ફૂડ પોઈઝનિંગની ઘટના ઘટી

## નર્મદા જીલ્લાના રાજપીપળામાં ફૂડ પોઈઝનિંગની ઘટના બનવા પામી

### લગ્ન પ્રસંગના જમણવારમાં જમ્યા બાદ આશરે ૨૯ જેટલા લોકોને ઉલટી અને ગભરામણ થવા લાગતા ડોક્ટરનો સંપર્ક કરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

| (એજન્સી) નર્મદા,તા.૯ |

નર્મદા જીલ્લાના રાજપીપળામાં ફૂડ પોઈઝનિંગની ઘટના બનવા પામી. રાજપીપળામાં લગ્ન પ્રસંગમાં ફૂડ પોઈઝનિંગ થતા ૨૯ જેટલા લોકોની તબિયત અચાનક લથડી. તમામ અસરગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા. તાજેતરમાં મળે માહિતી મુજબ રાજપીપળા હોસ્પિટલમાં તમામની તબિયત હાલ સુધારા હેઠળ છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપળામાં એક લગ્ન પ્રસંગનો જમણવાર મહેમાનોને ભારે પડ્યો.

લગ્ન પ્રસંગ માણવા ગયેલ મહેમાનોની ભોજન લીધા બાદ અચાનક તબિયત લથડી. ૨૦થી વધુ મહેમાનોની એકસાથે તબિયત લથડતા ફૂડ પોઈઝનિંગ હોવાની આશંકા છે. લગ્ન પ્રસંગના જમણવારમાં જમ્યા બાદ આશરે ૨૯ જેટલા લોકોને ઉલટી અને ગભરામણ થવા લાગતા ડોક્ટરનો સંપર્ક કરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. જણાવી દઈએ કે રાજપીપળામાં આ લગ્ન પ્રસંગ ટેકરા ફળિયામાં યોજાયો હતો. જ્યાં ભોજન લીધા બાદ ૨૯ જેટલા લોકોની તબિયત બગડયા બાદ ફૂડ પોઈઝનિંગ થતા તેમને હોસ્પિટલ રિફર કરાયા હતા. અગાઉ પ્રજાસત્તાક દિવસે રાજપીપળામાં ફૂડ પોઈઝનિંગની ઘટના બનવા પામી હતી. આ ઘટનામાં ૧૪૪ વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. રાજપીપળાના વડિયા રોડ પર આવેલી આદર્શ નિવાસી આશ્રમ શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમ્યાન વિદ્યાર્થીઓએ ભોજન લીધું હતું. જેના બાદ અનેક વિદ્યાર્થીઓ ઝાડા ઉલટીનો ભોગ બન્યો. વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગ થતાં દોડધામ મચી હતી અને બાળકોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આ મામલે શાળા સામે વહીવટીતંત્ર દ્વારા પગલાં લેવાયા હતા.

## સગીર વયની બાળકી પર તેના જ કૌટુંબિક ભાઈએ ધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યું

### પરિવારને જાણ થઈ કે તેના પેટમાં ૨ માસનો ગર્ભ છે

| બોટાદ, તા.૯ |

રાજ્યમાં દિવસેને દિવસે દુષ્કર્મના વધતા બનાવો હવે આપણા માટે એક ગંભીર પ્રશ્ન બન્યો છે. ત્યારે વધુમાં ફરી બોટાદ જિલ્લામાં એક એવો બનાવ સામે આવ્યો છે, કે જેના વીશે સાંભળીને તમારી પણ આંખો પહોળી થઈ જશે. અહીંયા એક સગીર વયની બાળકી પર તેના જ કૌટુંબિક ભાઈએ ધમકી આપીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે મુદ્દે જ્યારે સગીરાને ગર્ભ રહી ગયો ત્યારે તેના પરિવારને જાણ થઈ. ધમકી આપી કૌટુંબિક ભાઈએ દુષ્કર્મ આચર્યું

બનાવની જો વિગતવાર વાત કરીએ તો આ બનાવ સામે આવ્યો છે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકામાં. જ્યાં ૧૩ વર્ષીય સગીરાના પરિવારને અચાનકથી જાણ થઈ કે તેના પેટમાં ૨ માસનો ગર્ભ છે. આ મામલે પરિવારે જ્યારે સગીરા સાથે વાત કરી ત્યારે તેણે જણાવ્યું કે તેના જ કૌટુંબિક ભાઈએ તેને ધમકી આપીને ઘરે બોલાવી હતી અને બાદમાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.જ્યારે સગીરાના પરિવારને આ વાતની જાણ થઈ ત્યારે સગીરાના પરિવારના પગ નીચેથી જાણે કે જમીન સરકી ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. સમગ્ર મામલે પછી સગીરાના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગણતરીના સમયમાં જ આરોપીને ઝડપી પાડ્યો અને તેની સામે પોક્સોની કલમ હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

### ગોંડલમાં હત્યાનો એક અજીબ કેસ સામે આવ્યો

## ગોંડલમાં પતિને મળવા આવેલી પ્રેમિકાની હત્યા

| (એજન્સી) ગોંડલ, તા.૯ |

ગોંડલમાં હત્યાનો એક અજીબ કેસ સામે આવ્યો છે. જેમાં વાછરારોડ પર પરણીત પ્રેમી એવા કિશનને મળવા આવેલી પ્રેમિકા જલ્પા ગીરધરભાઇ ભાલીયાને કિશનની પત્નિ જીજ્ઞાએ માથાનાં ભાગે પાવડાનાં ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. બાદમાં જીજ્ઞા પોલીસ સમક્ષ હાજર થઇ ગઇ હતી. મૃતક રાજકોટનાં કોઠારીયા રણુજા મંદિર પાસે તેની માતા સાથે રહેતી હતી. કિશન સાથેનાં પ્રેમસંબંધને કારણે તેના પતિ સાથે છુટાછેડા થયા હતા.હત્યાની ઘટનાનાં પગલે એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીઆઇ.ડામોરે તપાસ હાથ ધરી હત્યા કરનાર જીજ્ઞાની પુછપરછ હાથ ધરી હતી.

ગોંડલના લોકમેળામાં કિશન અને જલ્પા એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. જોકે આ પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામ આવ્યો હતો. પતિ કિશન ને મળવા આવેલી પ્રેમિકા જલ્પાને પાવડાનાં વાર કરી મોતને ઘાટ ઉતારનાર પત્નિ જીજ્ઞા પોલીસ સ્ટેશનમાં પુછપરછ સમયે શાંત મને અને નિશ્ચિંતતાથી જવાબ આપી રહી હતી. પોલીસ પણ દિગમુઢ બની હતી. ધારેશ્વર મહાદેવ મંદિર નજીક વાછરારોડ પર ધીભાઈ ઠુમરની વાડી કિશન પરસોતમભાઈ હાડાએ ભાગીયામાં વાવવાં રાખી અને માતાપિતા, પત્નિ જીજ્ઞા અને એક દિકરો અને એક દિકરીનાં પરીવાર સાથે રહેછે.

હત્યા નાં ગુન્હામાં પોલીસ હિરાસત માં રહેલી કિશનની પત્નિએ પોલીસ સમક્ષ કહ્યું કે, ધીરૂભાઈ ઠુંમરની વાડી વાવીએ છીએ.

પરિવારમાં તેમને એક દિકરો અને એક દિકરી છે. જીંદગી ખુશહાલ હતી.પરંતુ દોઢ વર્ષ થી પતિ કિશન ને રાજકોટ ની જલ્પા સાથે પ્રેમસંબધં બંધાયો હતો.પહેલા તો આ વાતની મને ખબર નહોતી.પણ મોબાઈલ પર અવારનવાર બન્ને વચ્ચે વાતચીત થતી અને જલ્પા કિશન ને મળવા વાડીએ પણ આવતી હતી.મને શંકા હોવા છતા હતું ચુપ હતી.દરમિયાન બન્ને ત્રણેક માસ પહેલા ઘરેથી નાશી છુટાં ત્યારે પોતાનો પતિ પરકી નાં પ્રેમ માં ઓતપ્રોત થયાનું સમજાયું હતું.